'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
મૈત્ર્યાદિ ૪ ભાવના, પરોપકાર અને કૃતજ્ઞતાભાવની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર મૈત્રી અને પરોપકાર

॥ ૪ ॥




**પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

સંકલન : પંન્યાસ વજસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

માધ્યસ્થ્ય અથવા Positive neutrality
એટલે અરાગદ્વેષ વૃત્તિ, જે બધાં ગુણોની જનની છે.
માધ્યસ્થ્ય વૃત્તિ જીવને સ્વકીય સ્વરૂપમાં
વિશ્રાંતિ આપનાર માતાની ઉપમાને પાત્ર છે.
માધ્યસ્થ્ય = સુખી, દુઃખી, ગુણવાન, પાપી, ગુણી, નિર્ગુણી,
સંસારી યા સિદ્ધ - સહુ સર્વ પ્રત્યે આત્મૌપમ્યવૃત્તિ.
પરમાત્મૌપમ્યભાવનું મૂળ માધ્યસ્થ્યભાવ છે અને
માધ્યસ્થ્યભાવનું મૂળ અનેકાન્ત છે.
જીવતત્ત્વની સદ્દહણા વગર કેવળ માધ્યસ્થ્ય એ

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ




શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ**
**આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
મૈત્ર્યાદિ ૪ ભાવના, પરોપકાર અને કૃતજ્ઞતાભાવની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર મૈત્રી અને પરોપકાર

॥ ૪ ॥

મૈત્રી • પ્રમોદ • કરુણા • માધ્યસ્થ

પરોપકાર • કૃતજ્ઞતા


પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

- **PARAM BHADRANKAR MAITRI ANE PAROPKAR**

  Personal Diaries comprising of Divine thoughts regarding Maitri, Promod, Karuna, Madhystha, Paropkar and Krutgnta Bhav by Panyashshri Bhadrankar Vijayji Maharaj.

- **VOLUME - 4 / 9**

  Year 2023 • સંવત્ ૨૦૭૯ • 1000 Copies / 120 Pages • For Private Circulation only.

- **PUBLISHER**

  © Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
  Mumbai / Vadodara / Rajkot

  team@mindfiesta.com

- **SPONSOR**


  Shri C. K. Mehta
  Vadodra | Mumbai

- **ENHANCED & DESIGNED BY**

  Bharti Deepak Mehta
  Fiesta Studios
  Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
  bharti@mindfiesta.com
  +91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**

  www.bhadrankar.com
  www.navkarday.com
  Amazon Kindle
  Telegram : HastaksharNuAkshayPatra





મૈત્રી-પરોપકાર-કૃતજ્ઞતાદિ ભાવોમાં પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજીગણિવર્યશ્રી તો સતત ભાવિત રહેતાં જ હતાં, પરંતુ આપણી પર ચડેલા ઉપકારથી હળવા થવા કૃતજ્ઞભાવવાળા બની શકીએ, તેવી સહજ પ્રેરણા 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'માંથી નિપજાવેલી આ લઘુ પુસ્તિકામાંથી મળે છે. એમના જેવા ગુણોની અનુભૂતિ કરવા માટે આ સાહિત્ય ખૂબ જ ઉપકારક બની રહ્યું છે, તેમાંથી એક અણમોલ ચિંતન જોઈએ તો:

'કૃતજ્ઞતાગુણ કેળવવા બીજાએ કરેલા ગુણને જાણવા અને ભૂલવા નહીં, એથી ક્ષાન્ત્યાદિ અને જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ થાય છે. વસ્તુમાત્રથી ગુણ થાય છે, ચેતન કે જડ. એને જાણવાથી, સ્મૃતિપથમાં રાખવાથી ક્ષમા-મૈત્રી-નમ્રતા-સરળતા-સંતોષ-સંયમ-તપ-શૌચ-સત્ય-આકિંચન્ય-બ્રહ્મચર્ય ગુણો વધે છે. બીજાથી હંમેશા ઉપકાર જ થાય છે, અપકાર થતો જ નથી. બીજાનો ઉપકાર ન માનવાથી જ અપકાર થાય છે, તેથી અપકારને ન ઈચ્છવાવાળાએ બીજાનો ઉપકાર જ માનવો જોઈએ, અપકાર નહીં. બીજાનો અપકાર વિચારવાથી સમ્યક્ત્વગુણ નાશ પામે છે.'

આ પ્રેરણા-ભાવો આપણા સુધી પહોંચતાં કરવામાં એકબાજુ પરમ ગુરૂભક્ત સૌના આદરણીય **સી.કે.મહેતા** પરિવારની આર્થિક ઉદારતાએ કમાલ કરી છે, તો બીજીબાજુ રાજકોટના અમારા સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**ની ભક્તિ પણ કંઈ કમ નથી. એ ભક્તિ જ આ તૃતીય ભાગ રૂપી નઝરાણું બની રહી છે. આ. મનમોહનસૂરિ

હેમપ્રભ વિ.

# આ અનુપ્રેક્ષાઓમાંથી પસાર થતાં થતાં તો પહોંચાય ઠેઠ અનુભૂતિને દ્વાર!



રાજસ્થાનના ફાલના તીર્થમાં તેઓનાં એક મનનીય વ્યાખ્યાનની સમાપ્તિએ શ્રી કસ્તુરભાઈએ અત્યંત બહુમાનપૂર્વક તેમની પ્રશસ્તિ કરવા માંડી, ત્યારે તેઓને અધવચ્ચે જ અટકાવીને પૂજ્ય ગુરૂમહારાજે કહ્યું કે: 'જો હું આપ શ્રાવકોની પાસેથી એક કલાકનો મોંઘો સમયખંડ લેતો હોઉં, તો મારી ય ફરજ છે કે મારે તે માનવજીવન સમું અમૂલ્ય એવું કાંઈક સામે આપવું જ જોઈએ. મેં તો ફક્ત મારૂં કર્તવ્ય જ બજાવ્યું છે!' ઓહોહો... આ એક જ વાક્યમાં તેઓના સાર્થક સર્જનને સમજવાની કૂંચી મળી જાય તેમ છે! સાહેબજી, બસ... હવે કોઈપણ હિસાબે મોક્ષમાર્ગ જે તમે ખોલી આપ્યો છે, તેમાં ફરી અમારા પ્રમાદનું તાળું ન લાગે, તેટલું જોજો!

જ્ઞાનમાર્ગે આમ તો કોઈ ટૂંકા રસ્તા હોતાં નથી એ સૌને જાણ છે, પરંતુ પૂજ્ય ગુરૂ મહારાજે તો આપણા સૌ ઉપર કૃપા-કરૂણા કરીને તે પંથને પણ અત્યંત ટૂંકો કરી દીધો અને તેઓની આ અનુપ્રેક્ષાઓમાંથી પસાર થતાં થતાં તો અનુભૂતિને દ્વારે આવી જવાય તેમ આપણને સૌને મૂકી દીધાં! તેઓ એક ઉત્તમ વિચારક, પાઠક, સર્જક, સાધકાદિ તો હતાં જ, કિન્તુ આજ સુધી તેઓ મારા જેવા અગણ્ય જીવોના ઉત્તમોત્તમ પથદર્શક અને કરૂણામય પરામર્શક આત્મિય ગુરૂ પણ રહ્યાં છે, એનો અનર્ગળ આનંદ છે!

વડોદરા/મુંબઈ/પૂના

સી. કે. મહેતા

## *હું સાચો ઈશ્વર - જાણે કિમો*

'ઈશ્વરની હાજરી મારામાં છે'

એવા વિચારોથી સમગ્ર ચેતનાને છલકાવી દો. 'મારામાં રહેલો ઈશ્વર વિશ્વની કોઈપણ વસ્તુ કરતાં વધુ મહાન છે. હું અને પરમેશ્વર છેવટે તો એકરૂપ જ છીએ, ઈશ્વર સદા મારી સાથે જ છે' એમ જ સતત વિચારો.

જગતમાં જે જે ભલાં કામો કરવામાં આવે છે,
તેનું મૂળ દયામાં જ રહેલ છે.

દયાવૃત્તિના અભાવે સૌ કોઈ સ્વાર્થી બની એકબીજાને ત્રાસ જ આપે. મૈત્રી આદિ ૪ ભાવનાઓ દયાની જ ૪ શાખાઓ છે, તેથી તેને ધર્મના મૂળ પાયા તરીકે કહેલ છે.

*વિષય - કષાય - રાગ - દ્વેષના ઉભરા શમાવી જનમાનસમાં મૈત્રીભાવ વિકસાવવા સ્યાદ્વાદ ઉપયોગી છે.*

બન્ધુતાની ભાવનાથી પ્રેમ - મૈત્રી વધે છે અને પ્રકૃતિની ભાવનાથી વૈરાગ્ય વધે છે. ધર્મભાવનાથી વાત્સલ્ય અને કર્મની ભાવનાથી નિર્ભયતા વધે છે.

વિશુદ્ધ પ્રેમ તથા જ્ઞાનમૈત્રીથી પ્રેરાઈને કામ કરો.
શુદ્ધ પ્રેમથી કરેલ કાર્યોનું પરિણામ ગમે તે આવે,
તો પણ ચિત્તમાં પ્રસન્નતા જ રહે છે.
આવા માનવી જ સ્થિતપ્રજ્ઞ બને છે.
પ્રેમ, અનાસક્તિ, નિઃસ્વાર્થતા, સમતા, સમદ્રષ્ટિ કે અભય -
અલંકારિક શબ્દો નથી પણ આત્માની જીવંત શક્તિઓ છે.
આપણી અંદર રહેલી ચૈતન્યશક્તિને જાગૃત કરવાનું
અમાપ સામર્થ્ય આ ગુણોમાં રહેલું છે.
ભાવના તો નયાપેક્ષયા સર્વથા અભેદની જ હોઈ શકે,
તે વિના સંપૂર્ણ મૈત્રી ન ઘટે.
સ્વરૂપાસ્તિત્વ અને સાદૃશ્યાસ્તિત્વ એ બે સ્વયંસિદ્ધ છે.
તેને ભૂલી જઈ જીવ જ્યારે અમૈત્રીમાં પડે છે,
ત્યારે મૈત્રી માટે અભેદભાવના અનિવાર્ય થઈ પડે છે.
વિષયોમાં દોષદર્શનજનિત વૈરાગ્યનો અભ્યાસ અને જીવોમાં
ગુણદર્શનજનિત મૈત્રીનો અભ્યાસ બે સાથે સાથે થાય,
તો જ સિદ્ધિના માર્ગની સાધના ટોચે પહોંચે.

જે સ્વરૂપને જાણી લે છે, તે એ પણ જાણી લે છે કે
'જે આત્મા એનામાં છે, એ જ સમસ્ત જીવોમાં છે.'
આથી સ્વાભાવિક રીતે જ એનામાંથી
સર્વ તરફ પ્રેમ અને કરુણાનો પ્રવાહ વહેવા લાગે છે.
આ સ્થિતિએ જીવન પોતા માટે નહિ, સૌ માટે બની જાય
તથા વ્યક્તિ સ્વરૂપને જાણીને સ્વયં મુક્ત બની જાય છે.
ક્ષમાપના ધર્મના આચરણથી તિરસ્કારની વૃત્તિ શમે છે અને
નમસ્કારની વૃત્તિ વિકસે છે, જે સાચો મૈત્રીભાવ છે.
મૈત્રીભાવ એ સ્વપરની સાચી હિતચિંતા છે,
ક્ષમાપનાના સેવનથી તે સધાઈને પરિપક્વ થાય છે.
મૈત્રીભાવ પરિપક્વ થવાથી નિર્વૈર દશા નિર્માણ થાય છે.
મહાપુરુષોની મૈત્રીના, પ્રમોદના અને કરુણાના પાત્ર
બનવું હોય પણ ઉપેક્ષાના પાત્ર ન બનવું હોય, તેણે
દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને શરણાગમન સ્વીકારવા.
જો તે ત્રણ વાનાં ન હોય,
તો તે મહાપુરુષોની ઉપેક્ષાનાં પાત્ર બની જાય છે.

આત્મકલ્યાણ એટલે શું ?

'આત્મા તરફ દૃષ્ટિ કરવાથી થતું કલ્યાણ'

એવો 'આત્મકલ્યાણ' શબ્દનો અર્થ છે.

દેહ, મન અને ઇંદ્રિયોની શુદ્ધિ માટે અનુક્રમે

અહિંસા, સંયમ અને તપનું વિધાન છે.

મનોનિગ્રહ માટે તપ, ઇંદ્રિયનિગ્રહ માટે સંયમ અને

દેહ-પ્રાણ આદિના નિગ્રહ માટે અહિંસા એ સાધન છે.

અહિંસાનું સાધન મૈત્ર્યાદિ ગુણ છે,

સંયમનું સાધન વૈરાગ્ય આદિ ગુણ છે અને

તપનું સાધન જ્ઞાન આદિ ગુણ છે.

જ્ઞાનાદિ માટે સાધુસેવા, વૈરાગ્યાદિ માટે તપ-ત્યાગ અને

મૈત્ર્યાદિ ભાવ માટે આત્મૌપમ્યભાવ છે, જ્યારે

આત્મૌપમ્યભાવ માટે 'પરસ્પરોપગ્રહ'નો સિદ્ધાંત છે.

◦

only that thing is safe,

which is given to the Divine.

શત્રુતા અને દ્વેષ ભવાંતરે આવે છે, જ્યારે
મિત્રતા અને પ્રેમ ભવાંતરે જન્મે છે.

મિત્તી મે સવ્વ ભૂએસુ । એ વિચાર નહિ પણ ભાવ છે.

દુઃખભરી દુનિયામાં દુઃખ ન ઉમેરો, બનતું સુખ વધારો.

સમાધિવાનની વૃત્તિમાં તથા પ્રવૃત્તિમાં
સદ્ભાવ, કરુણા, પ્રેમ અને શુભેચ્છા ભરેલા હોય છે.

સદ્ગુરુ અને સદ્દેવની કરુણા વિના ધર્મ, અર્થ,
કામ કે મોક્ષ - એક પણ પુરુષાર્થ સિદ્ધ થતો નથી.

ચારિત્ર એટલે કષાયજય. નમસ્કાર મહામંત્રમાં કષાયજય
અને તેના ઉપાયભૂત એવા મૈત્ર્યાદિ ભાવોની પ્રતિષ્ઠા છે.

શુદ્ધભાવ = ચિત્તની સ્થિતિ, અશુદ્ધભાવ = ચિત્તની વિકૃતિ.

જેમ દાતાને ઉપકારી માનવો, તે યાચકનો ધર્મ છે,
તેમ યાચકને ઉપકારી માનવો; તે જ દાતાનો ધર્મ છે.

જેમ માથે રહેલો ભાર ઉતરાવનાર આપણો ઉપકારી
ખરો કે નહીં ? ખરો. તે જ રીતે પરિગ્રહના પાશમાંથી
છોડાવનારાં બધા જીવો આપણા ઉપકારી છે.

## પ્રેમનું ગણિત સમજો સરળ છે.

પ્રેમ મૂળ છે, મૈત્રી એનો અંકુર છે, ક્ષમા એનું થડ છે.
વાત્સલ્ય એના પત્ર-પુષ્પો અને શાંતિ એનું ફળ છે.

સકલ જીવો પ્રત્યે મૈત્રી અને કરુણાના અભાવમાં
અજ્ઞાન અને મિથ્યાત્વજન્ય આગ્રહ રહેલાં છે.
કરુણાભાવનાં અભાવમાં દુષ્કૃતની અનુમોદના અને
ભક્તિના અભાવમાં સુકૃતની ગર્હા છૂપાયેલાં છે.
પ્રભુની ભક્તિનો અભાવ ગુણદ્વેષનો સૂચક છે અને
જીવો માટેની કરુણાનો અભાવ પાપરાગનો સૂચક છે.

## કયા ગુણથી કયા દોષને હટાવવા?

વિવેકથી મોહ, વૈરાગ્યથી રાગ, મૈત્રીથી દ્વેષ, ક્ષમાથી ક્રોધ,
માર્દવથી માન, આર્જવથી માયા, સંતોષથી લોભ, ધૈર્યથી ભય,
બ્રહ્મચર્યથી કામ, બુદ્ધિથી શોક તથા દમથી રતિ-અરતિ-
હાસ્ય-જુગુપ્સા અને પાંચ ઈંદ્રિયના દોષોને હટાવવા.
ક્રોધાદિ વિભાવિક કુટુંબને હટાવવા માટે ક્ષાંત્યાદિ સ્વાભાવિક
કુટુંબની અને સ્વજનાદિ ત્રીજા કુટુંબની સહાય લેવી.

પ્રશ્ન: ગુણી પ્રત્યે જેને પ્રમોદ હોય,
તેને હીનગુણી પ્રત્યે કરુણા - અનુકંપા હોય કે નહીં?

ઉત્તર: ઇચ્છાયોગ પ્રમોદભાવરૂપ છે.
બધા યોગોમાં સામાન્ય ઇચ્છાયોગ અનુસ્યૂત હોય છે,
તેમ અનુકંપા પણ અનુસ્યૂત હોય છે.
'પ્રમોદનો અનુભાવ અનુકંપા છે' એમ પણ કહી શકાય.
ક્રિયામાત્ર આત્મૌપમ્ય ભાવની સિદ્ધિ માટે છે.
જ્ઞાનમાત્ર આત્મૌપમ્ય ભાવનું મહત્વ સમજવા માટે છે.
આત્મૌપમ્ય ભાવ એ જ
સઘળી ક્રિયા અને જ્ઞાનનું મૂળ અને ફળ પણ છે.
જે ક્રિયા કે જ્ઞાનના મૂળમાં તે ભાવ નથી,
તે ક્રિયા કે જ્ઞાન
without any idea or without any ideal
હોવાથી તુચ્છ, શુષ્ક, નિષ્ફળ અને ગતાનુગતિક -
without any intention છે.

અનેક અસત્યને અંત તે અનેકાન્ત.

અદ્વૈત મૈત્રીભાવમાં અનેકનો અંત આવે છે અને
અંતે એક તત્ત્વ પ્રકાશી ઊઠે છે.

બધા જીવો પ્રત્યે ક્ષમા, કરુણા અને મૈત્રીથી તથા
બધી રીતે સમતા ધારણ કરવાથી ભગવાન પ્રસન્ન થાય છે.

અનિત્યાદિના વિચારથી વૈરાગ્ય વધે છે તથા
મૈત્રી આદિના વિચારથી ઉત્સાહ વધે છે.

મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્યભાવરહિત
સાધક મનોગુપ્તિમાં નથી, માટે આરાધનામાં નથી.

નમસ્કારમાં મૈત્ર્યાદિ ભાવોની પ્રશંસા છે.

'મૈત્ર્યાદિ ભાવો પાપપ્રણાશક અને ઉત્કૃષ્ટ મંગલકારક છે'
એવું નિરૂપણ નમસ્કાર મહામંત્રમાં છે.

નમસ્કારમાં મૈત્ર્યાદિના ભાવવાન પંચપરમેષ્ઠિની પૂજા છે.

નમસ્કારમાં પુદ્ગલ દ્રવ્ય ઉપરના અહંભાવ તથા
મમભાવનો સંકોચ અને
આત્મદ્રવ્ય - મૈત્ર્યાદિ ભાવોનો વિસ્તાર છે.

સાધકને ક્ષમા માટે મૈત્રી, ઇંદ્રિયના નિગ્રહ માટે વૈરાગ્ય
અને ઇચ્છાનિરોધ માટે જ્ઞાન જોઇએ.

'કોઇપણ જીવ પાપ ન કરો, દુઃખી ન થાઓ તથા
ભવમાં ન ભમો' એ ઇચ્છા રૂપી મૈત્રી છે.
એવી ઇચ્છામાં એ ભાવના સમાઈ જાય છે કે:
'કોઇપણ જીવ હિંસા, અસંયમ અને લોભ ન કરો'
અને એ વિચાર પણ આવી જાય છે કે:
'કોઇપણ જીવ કામ, ક્રોધ, લોભને આધીન ન થાઓ.'
મૈત્રીમાં જીવ પ્રત્યે પ્રેમ છે.

મૈત્રી વડે ક્ષમા, ક્રોધનિગ્રહ અને હિંસાત્યાગ સધાય છે,
વૈરાગ્ય વડે સંયમ, ઇંદ્રિયદમન, દુઃખનિરોધ સધાય છે,
જ્ઞાન વડે તપ, ઇચ્છાનિરોધ અને કર્મક્ષય સધાય છે.
કર્મક્ષય માટે ઇચ્છાનિરોધ, ઇચ્છાનિરોધ માટે તપ.
એ રીતે દુઃખક્ષય માટે ઇંદ્રિયનિગ્રહ અને તેના માટે
સંયમ - સદાચાર તથા પાપક્ષય માટે હિંસાત્યાગ,
તેના માટે ક્રોધનિગ્રહ અને તેના માટે મૈત્રી એ સાધન છે.

## દુશ્મનાવટ કે ઝઘડા - ટંટા નિવારવા મૈત્રી

અહંકારના સ્થાને નમસ્કાર, ઈર્ષાના સ્થાને મૈત્રી તથા વાસનાને બદલે ભાવના ભાવવાથી મનવાનર સ્થિર બને. શત્રુતાનો, શત્રુભાવનો નાશ કરનારાઓને નમસ્કાર થાઓ. મિત્રભાવનો આવિષ્કાર કરનારાઓને નમસ્કાર થાઓ. ક્ષમા માગવી દરવાનો ઈ. વેરવૃત્તિથી જે બદલો લેવાની ભાવનાથી અન્યાય કરતો નથી. ક્ષમાભાવનાથી દુશ્મન પણ મિત્ર બને. જો ક્ષમાભાવને અનુસરાય અને તે મુજબ આચરણ કરાય, તો રાગ-દ્વેષ-દુઃખભર્યા સંસારમાં વેરવૃત્તિ, દુશ્મનાવટ કે ઝઘડા - ટંટા જેવું કાંઈ જ ન રહે.

જીવો પ્રત્યે મૈત્રીભાવ, દ્વેષી પ્રત્યે સમભાવ અને જીવો પ્રત્યે કુભાશંસાનો અભાવ ધ્યાન રાખવું જરૂરી છે.

શમન વિલિનીકરણથી થાય છે અને વિલિનીકરણ શત્રુભાવથી નહિ પણ મિત્રભાવથી થાય છે. વૈરથી વૈર શમતું નથી, કિન્તુ સ્નેહથી વૈર શમે છે, એ ન્યાય આંતરશત્રુઓ માટેય સરખો જ લાગુ પડે છે.

## મૈત્રીની મહાસાધના

મૈત્રી વડે ખરાં ઔદાર્ય અને વૈરાગ્ય વિકસે છે તથા
શાંતિ, તુષ્ટિ, પુષ્ટિનો જીવનમાં આવિર્ભાવ થાય છે.
શાંતિ = ઈચ્છા કે તૃષ્ણાનો અભાવ.
તુષ્ટિ = સંતોષ, પુષ્ટિ = આત્મગુણની વૃદ્ધિ.

મૈત્રી - કરુણા તે જ અહિંસા.

કષાયોને કે વિષયોને વૈરી માનીને નહિ પણ
મિત્રભાવે સદુપયોગ કરીને વશ કરી શકાય છે.
જો પ્રત્યેક જીવ ખરેખર શ્રી જિનવર તરીકે ભાસતો હોય,
તો પછી તેનો ઉચિત વિનય થવો જોઈએ.
કોઈપણ જીવ સાથે ઊંચતાભાવરૂપ અહંકાર થવો ન જોઈએ.
જીવમાત્ર પ્રત્યે બહુમાન, તે જ શ્રી જિનવરનું બહુમાન છે.
ભારતના ઋષિમુનિઓ, સંત - મહંતો, અવતારી પુરુષો
આદિએ જીવજગતની એકતા અને મૈત્રી - કરુણાના
સિદ્ધાંતો પ્રબોધ્યા તે મુજબ આચરણ કરી
લોકોને અહિંસામય જીવનનો આદર્શ આપ્યો છે.

## ચાર ભાવનાનો આલંબન શું સૂચવે છે?

(૧) મૈત્રીનો આલંબન જીવતત્ત્વની શ્રદ્ધાનો આલંબન સૂચવે છે.

(૨) પ્રમોદનો આલંબન ગુણો પ્રત્યે અરુચિનો સૂચક નથી, જગતમાં રહેલાં સર્વ જીવોના સુકૃત અને તેના ફળની અનુમોદનાનો તથા સદ્ભાવનો આલંબન સૂચવનારો છે.

(3) કરુણાનો આલંબન પરનાં દુઃખ અને તેનાં કારણભૂત એવા ૧૮ પાપસ્થાનકો પ્રત્યે સદ્ભાવનો સૂચક છે.

(૪) માધ્યસ્થ્યનો આલંબન કર્મ અને તેની સ્થિતિ-રસનાં ભાવનો આલંબન સૂચવે છે અને પાપની સાથે પાપી પ્રત્યે પણ અણગમાનો સૂચક છે. પાપી પ્રત્યે અણગમામાં જીવતત્ત્વની જ શ્રદ્ધાનો આલંબન આવે છે, એટલું જ નહિ પણ જીવના ભવ્યત્વાદિ પારિણામિક ભાવો પ્રત્યે ય શ્રદ્ધાનો આલંબન અને જિનવચનનું આરાધન સૂચવે છે.

### સુખી - દુઃખી - ગુણશાળી - પાપીને વિષે...

સુખીને વિષે મૈત્રી - હર્ષ પણ ઈર્ષ્યા કે ઉપેક્ષા નહિ.

દુઃખીને વિષે કરુણા પણ હર્ષ કે માધ્યસ્થ્ય નહિ.

## <u>પરમાત્મભાવ વધારવાના બે માર્ગ</u>

(૧) પોતાના અપરાધને ક્ષમવા - કબૂલવા.

(૨) બીજાના અપરાધને શમવા - સહવા.

આ જાતિની મૈત્રી, નમ્રતા અને ઉદારતા જ
જીવને પરમાત્મભાવની નજીક લઈ જાય છે.

ભક્તિનું બીજું નામ ઈશ્વરશરણતા છે.
ઇચ્છાસ્વાતંત્ર્ય પ્રભુશરણતાને પરમ અપરાધરૂપ લાગે છે.
ઈશ્વરનું સ્વરૂપ નિત્ય - શુદ્ધ - બુદ્ધ છે, પરન્તુ ભક્તને
તો તે સ્વરૂપ કરુણામય, કરુણાસાગર અને
કરુણાની વહેતી નદી રૂપ જ લાગે છે.

ઈશ્વરનું કરુણામય હોવું, એ
સ્ખલનશીલ મનુષ્ય માટે એક વ્યવહારિક આવશ્યકતા છે,
પછી તે કૃપા ક્ષમારૂપ યા દંડરૂપ પણ હો!
બંને સ્થિતિમાં ઈશ્વર કરુણામય લાગે છે.

<u>સવદિ, અહંકારનિર્મુક્ત થવા</u>
<u>કરુણામય પ્રભુનું ભજન - સ્મરણ - ભક્તિ અનિવાર્ય છે.</u>

## સમષ્ટિભાવ તથા પરમેષ્ઠિભાવ

જીવો પ્રત્યેની મૈત્રી પરમેષ્ઠિપદને અપાવે - પરમેષ્ઠિ પ્રત્યેની ભક્તિ જીવો પ્રત્યેના મૈત્રીભાવને વિકસાવે છે.

જીવમૈત્રી અને પરમેષ્ઠિભક્તિ -

પરસ્પરપૂરક બનીને વ્યષ્ટિને માટે મોક્ષનું કારણ બને છે. વ્યષ્ટિએ પરમેષ્ઠિ બનવા સમષ્ટિભાવ સ્વીકારવો અને સમષ્ટિભાવ વિકસાવવા પરમેષ્ઠિભાવની જ સહાય લેવી. મૈત્રીભાવ સ્વસુખને ગૌણ બનાવે, તેથી શાંતિ વધે છે, સર્વસુખને મુખ્ય બનાવે છે, તેથી તુષ્ટિ થાય છે અને તે આત્મસુખને સભાન કરે છે, તેથી પુષ્ટિ વધે છે. મૈત્રીથી મમત્વનો ત્યાગ થાય છે, તેથી શાંતિ વધે છે, સમત્વનો સ્વીકાર થાય છે, તેથી તુષ્ટિ થાય છે અને એકત્વનો અભ્યાસ થાય છે, તેથી આત્મા પુષ્ટ થાય છે.

મમત્વત્યાગથી વિષયોનો વૈરાગ્ય,
સમત્વના સ્વીકારથી કષાયોનો ત્યાગ અને
એકત્વના અભ્યાસથી ગુણાનુરાગનો વિકાસ થાય છે.

## ૪ ભાવનાની સંપત્તિ - વિપત્તિ

(૧) દ્વેષનું ઉપશમન એ મૈત્રીની સંપત્તિ કહેવાય અને વ્યક્તિગત સ્નેહમાં બદ્ધ થવું, તે મૈત્રીની વિપત્તિ છે.

(૨) ત્રાસદાયક બુદ્ધિનો નાશ એ કરૂણાની સંપત્તિ કહેવાય અને શોકની ઉત્પત્તિ, તે કરૂણાની વિપત્તિ છે.

(૩) અસંતોષનો નાશ એ મુદિતાની સંપત્તિ કહેવાય અને હાસ્યમાં મુદિતાનું પર્યવસાન, એ વિપત્તિ છે.

(૪) સ્નેહથી મુક્તિ એ ઉપેક્ષાની સંપત્તિ કહેવાય અને બેદરકારીમાં પર્યવસાન, તે તેની વિપત્તિ છે.

## ૪ ભાવનાનાં ૪ ભયસ્થાનો

(૧) મૈત્રીનું ભયસ્થાન સ્નેહરાગ - કામરાગ - દૃષ્ટિરાગ અને વૈયક્તિક સ્નેહ.

(૨) કરૂણાનું ભયસ્થાન શોક અને દુઃખ.

(૩) મુદિતાનું ભયસ્થાન હાસ્ય નથી

(૪) ઉપેક્ષાનું ભયસ્થાન બેદરકારી નથી, અસાવધાનતા, નિરપેક્ષતા અને નિષ્ઠુરતા છે.

## ૪ ભાવનાનાં ૪ વિપક્ષો

(૧) મૈત્રીનો વિપક્ષ દ્વેષ.

(૨) કરૂણાનો વિપક્ષ પરાપકાર બુદ્ધિ.

(૩) મુદિતાનો વિપક્ષ અરતિ - અસંતોષ.

(૪) ઉપેક્ષાનો વિપક્ષ વ્યક્તિગત અથવા પોતાના માટેનો સ્નેહ કે સ્વાર્થપરાયણતા છે.

મૈત્ર્યાદિ ભાવો ચિત્તના પ્રસાદ માટે છે.

એ જ ન્યાયે જીવો પ્રત્યેના દ્વેષઅભાવ અને સ્નેહપરિણામરૂપ મૈત્રી માટે સંભવે છે. અભવ્યો કે દુરભવ્યોને મૈત્ર્યાદિના સંવેદનનો અભાવ કહ્યો છે.

## ૪ ભાવનાની શરૂઆત

(૧) મૈત્રીની શરૂઆત ક્યારેય પણ શત્રુથી શરૂ કરવી નહીં, કારણકે તેથી આઘાત અને ઉદ્વેગ વધે છે.

મૈત્રીની શરૂઆત

વિજાતીયની ઉપર કરવાથી આપણામાં વિકાર પેદા થાય અને મૃત ઉપર કરવાથી ક્યારેય સમાધિ સાધ્ય થતી નથી.

સૌ પ્રથમ પોતાની જાત ઉપર, મિત્ર ઉપર, પછી ગામ, દેશ, અને સમસ્ત પૃથ્વી ઉપર પ્રેમનો અભ્યાસ અને તે પછી સ્ત્રી - પુરૂષજાતિ, આર્ય - અનાર્ય, સુગતિ - દુર્ગતિ અને દશે દિશામાં રહેલાં સર્વ પ્રાણીમાત્ર ઉપર અગાધ પ્રેમનો અભ્યાસ કરવાથી કામ - ક્રોધરૂપી દોષનું શમન થઈ જાય છે.

(૨) કરૂણાનો પ્રારંભ શત્રુ અથવા મિત્રથી ન કરતાં મધ્યસ્થથી કરવો. પછી પોતાના પ્રિય મનુષ્ય ઉપર, શત્રુ ઉપર અને પછી પોતાની જાત ઉપર કરૂણા કરવી. વર્તમાનમાં દુઃખી ન હોય તો પણ 'દુઃખ બધાને વળગેલું જ છે. વ્યાધિ, જરા, મરણથી બધાં કરૂણ સ્થિતિને પામે જ છે' એવા વિચારથી મનમાં કરૂણા પેદા કરવી.

(3) મુદિતાનો આરંભ પ્રિય મનુષ્યથી કરવો, પછી મધ્યસ્થ, પછી શત્રુ અને પછી પ્રાણીમાત્ર ઉપર કરવો.

(૪) ઉપેક્ષાનો આરંભ મધ્યસ્થથી કરવો, પછી પ્રિય ઉપર, શત્રુ ઉપર અને છેલ્લે જાત ઉપર. પ્રાણીમાત્ર ઉપર જાગૃત ઉપેક્ષા પેદા કરીને સમાધિ સાધ્ય કરવી.

## ૪ ભાવનાનું ફળ

મૈત્રીથી શત્રુતા જાય - કરુણાથી ઉદાસીનતા - મુદિતાથી
અસંતોષ અને ઉપેક્ષાના ફળરૂપે સ્વાર્થવૃત્તિ જાય છે.

વળી સુખે નિદ્રા આવે - સુખે જાગે - ખરાબ સ્વપ્ન ભાગે,
દેવોને પ્રિય બને, અગ્નિ - વિષ કે શસ્ત્ર અસર ન કરે,
ચિત્તનું સમાધાન રહે, શરીરની કાંતિ વધે,
ચિત્તની પ્રસન્નતા વધતાં નિર્વાણસુખ સમીપે આવે
અને ન મળે, ત્યાં સુધી બ્રહ્મ દેવલોકની પ્રાપ્તિ થાય
તથા તેનાથી પાપકર્મ અને ચિત્તની સંકુચિતતા નાશ પામે છે.

ભાવ વડે જે સમતા સધાય છે, તે સંવર છે અને
ધ્યાન વડે જે નિરોધ થાય છે, તે નિર્જરા છે.
સંવર - નિર્જરા એ સમતા - નિરોધના પર્યાયવાચી શબ્દો છે.
મૈત્રીભાવ મહા સંવર - નિર્જરારૂપ છે.
૪ ભાવના ધ્યાનસ્થિરતા માટે હોવાથી નિર્જરારૂપ પણ છે.
'ગુણસ્થાન ક્રમારોહ' શ્લોક ૩૫ની ટીકામાં કહ્યું છે કે:
ધર્મધ્યાન એ મૈત્રી આદિ ૪ પ્રકારનું ધ્યાન છે.

## મૈત્રીભાવનો સાક્ષાત્કાર

દેવલોકના દેવો કરતાં પણ ઊંચે આસને
બિરાજમાન થવાની શક્તિ માત્ર માનવને જ મળી છે.
એ શક્તિ એટલે વિશ્વભરના નાના - મોટાં
દેહધારી સમસ્ત જીવસમૂહ સાથે જીવનમાં તાદાત્મ્ય,
એકરૂપતા અને મૈત્રીભાવનો સાક્ષાત્કાર કરવો તે.

'કોઈપણ જીવ પાપ ન કરે, દુઃખ ન પામે,
સર્વ કોઈ કર્મથી મુક્ત બનો' એ મૈત્રીભાવના છે તથા
તે જ અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મનું મૂળ છે.
મૈત્રીવાન ક્રોધ ન કરે, તેથી હિંસાદિ પાપથી રહિત બને છે.
તે કદી અસંયમ સેવતો નથી, એટલે દુઃખરહિત બને છે.
મૈત્રીવાન તૃષ્ણા રાખતો નથી, એટલે કર્મરહિત થાય છે.

અહિંસા સર્વ જીવો પ્રત્યેના મૈત્રીભાવમાં છે,
સંયમ પાંચે પાંચ ઇન્દ્રિયોના નિગ્રહમાં છે અને
બાહ્ય તથા આભ્યંતર તપ ઇચ્છાનિરોધમાં છે.
મૈત્ર્યાદિ ભાવોથી શાંતિ - તુષ્ટિ - પુષ્ટિની પ્રાપ્તિ થાય છે.

મૈત્રીમાં સ્વસુખવિષયક તીવ્ર રાગ જવાથી શાંતિ મળે
અને સર્વ સુખવિષયક ઇચ્છા પ્રગટવાથી
ચિત્તમાં તોષ ઉત્પન્ન થાય છે.

મૈત્રી વડે ઔદાર્ય અને વૈરાગ્ય વિકસે છે.

વૈરાગ્ય અને ઔદાર્યથી શાંતિ અને તુષ્ટિવાળું થયેલ
ચિત્ત હવે સ્વસુખને આત્મામાં શોધે છે.

મૈત્ર્યાદિ ભાવ રૂપ અભ્યંતર શૌચથી
સત્ત્વશુદ્ધિ, સૌમનસ્ય, એકાગ્રતા,
ઇંદ્રિયજય અને આત્મદર્શનની યોગ્યતા પેદા થાય.

સંગ્રહનય કે મૈત્રીભાવનાં પાયા ઉપર જ એવંભૂતનય
અથવા આત્મતત્ત્વની સાધના કરવાની છે.

મનુષ્યનો મોટામાં મોટો દોષ પોતાને નિર્દોષ સમજવો તે છે.

અનિત્યત્વાદિ ભાવનાનો વિભાગ
સાધનામાં આવશ્યક એવા તત્ત્વજ્ઞાનને લગતો છે અને
મૈત્ર્યાદિ ભાવનાનો વિભાગ
તત્ત્વજ્ઞાનને જીવનમાં ઉતારવાના ક્રમ-પદ્ધતિને લગતો છે.

## સાધક માટે ૪ ભાવના

મૈત્રી ઉત્તરનીરોપમા છે, માધ્યસ્થ એ તુલારોપણ રૂપ છે,
કરુણા સર્વ સત્ત્વસુખાવહા - સર્વ સત્ત્વહિતાવહા છે તથા
મુદિતા એ હર્ષનો પરિણામ છે.

જેણ મેત્તિં પભાવેજ્જા તં નાણં જિણસાસણે । સદુક્તિ:
જેના વડે જિનશાસનમાં મૈત્રી પ્રગટ થાય, તે જ્ઞાન છે.
અહીં જ્ઞાનનું ફળ મૈત્રીની પ્રભાવના કહી છે.

'સર્વ જીવો મુક્ત થાઓ' એવી રૂચિ થવી,
એ સમ્યગ્દર્શનનો સરળ પરિણામ છે.

'દેવાદિ ત્રણ તત્ત્વોની જડ મૈત્રીભાવમાં રહેલી છે.' એ
તાત્ત્વિક ચિંતનથી દેવાદિ તત્ત્વ ઉપર ભક્તિ સરળ બને છે.
માત્ર વૈરાગ્યના ઉપદેશથી શાસનની વ્યવસ્થા શક્ય નથી,
વૈરાગ્ય સાથે મૈત્રી મળીને જ શાસનનાં મૂળ ઊંડા જાય છે.

### મૈત્ર્યાદિ શુદ્ધ વાસનાઓ

એકબાજુ વૈરાગ્યને રમણીય અને રોચક બનાવે છે તથા
બીજી બાજુ જ્ઞાનને સુલભ અને સાર્થક કરી આપે છે.

ધર્મનો બાધક એ પાપ છે.

પાપનો પ્રતિઘાત ધર્મથી થાય છે. ધર્મ જણાવે છે કે:

'સર્વ કોઈ પાપ, દુઃખ અને કર્મરહિત થાઓ.'

પાપરહિત થવાની ભાવના પાપી પ્રત્યે મધ્યસ્થભાવ લાવે.
દુઃખરહિત થવાની ભાવના દુઃખી પ્રત્યે કારુણ્યભાવ લાવે.
કર્મરહિતતાની ભાવના કર્મરહિત જીવો પ્રત્યે પ્રમોદ લાવે.
પાપ-દુઃખ-કર્મનું મૂળ અનુક્રમે હિંસા-અસંયમ-અશાંતિ છે.
કામ - ક્રોધ - લોભ એ ત્રણ દોષોનું એકસાથે નિવારણ
ધર્મનું જ પરિણામ છે, કેમકે ધર્મ એ દુઃખરહિત,
પાપરહિત અને કર્મરહિત બનવાની ભાવના છે.

'બધા જીવો કામ - ક્રોધ - લોભરહિત થાઓ'
એ જ ધર્મભાવનાનું તત્ત્વ છે.

સ્નેહપરિણામ રૂપ ધર્મ એ સાધન છે અને
કૃપાભાવ રૂપ ધર્મ એ સાધ્ય છે.

દુઃખરહિત થવા માટે કામનો, પાપરહિત થવા માટે ક્રોધનો
અને કર્મરહિત થવા માટે લોભનો વિજય આવશ્યક છે.

ધર્મના મૂળમાં સમ્યગ્દર્શનની જેમ
પરહિતચિંતારૂપ મૈત્રીભાવના પણ આવશ્યક છે.

પોતાની અધમતાને હૃદયમાં ભાવવાથી ભક્તિ જાગે છે.
એ ભક્તિમાંથી પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થાય છે
અને એ જ્ઞાનમાંથી વિશ્વના સર્વ જીવોની પ્રકૃતિનું
ભાન થવાથી બધા પ્રત્યે મૈત્રી - પ્રમોદાદિ ભાવ જાગે છે.

પરમાત્માની પ્રકૃતિના જ્ઞાનમાંથી ભક્તિ અને
એ ભક્તિના પ્રભાવે પોતાની પ્રકૃતિનું જ્ઞાન થાય છે.
એ જ્ઞાનના આધારે ભૂતમાત્રની પ્રકૃતિનું ભાન થાય છે,
જે આગળ મૈત્રી - અહિંસાદિમાં પરિણમે છે.

તમોગુણના પ્રકર્ષ વખતે ભક્તિ, રજોગુણના પ્રકર્ષ વખતે
મૈત્રી અને સત્ત્વગુણના પ્રકર્ષ વખતે જ્ઞાન એ કર્મરૂપી
ઇંધનને બાળવા માટે અગ્નિની જેમ સમર્થ બને છે.

જેના હૃદયમાં મૈત્રીભાવના નથી, ત્યાં ભાવધર્મ રહે નહીં.
હિંસા, અસત્યાદિની પ્રતિજ્ઞાપૂર્વકની નિવૃત્તિ વડે
મૈત્રીભાવ સક્રિય બનતો જાય છે.

ચોવીસ કલાકમાં એક કામ એવું અવશ્ય કરો કે
જેના બદલામાં કાંઈ પણ જોઈતું ન હોય!

'સર્વ જીવો સાથે મારે મૈત્રી છે'

એ ભાવનો આનંદ કેટલો છે, તે એકદા જુઓ તો ખરા?
કોઈ ગાળ દે, ત્યારે પણ કરુણા આવવી જોઈએ કે
ગાળ દેનાર લાચાર છે, કેમકે તે ભલું કરી શકતો નથી.

જીવોના દોષના દર્શનથી વૈરાગ્ય થાય અને
જીવોના ગુણોના દર્શનથી ઉપશમ જાગે.

દોષદર્શન જડનું અને ગુણદર્શન જીવનું હોવું જોઈએ.
વૈરાગ્યથી વિષયો - જીવોની મૈત્રી જીતી શકાય તથા,
ઉપશમથી સાથે જ કષાયો જીતી શકાય.

એકલા વિષયોના દોષ જોવાથી નિરાશા પેદા થાય છે,
એકલા જીવોના ગુણ જોવાથી આસક્તિ પેદા થાય છે.
માટે વૈરાગ્ય અને મૈત્રીનો એક સાથે અભ્યાસ, તે
બન્ને દોષો (નિરાશા, આસક્તિ)ને રોકીને
બંને ગુણો (વૈરાગ્ય, ભક્તિ)ને પ્રગટાવે છે.

'મુદિતા' એટલે આનંદ, પ્રમોદ, પ્રસન્નતા.
સમગ્ર લોક વિષાદથી ભર્યો છે, ઉદાસ - ઉદ્વિગ્ન છે પણ
પરમાત્માની નજીક પહોંચેલો સદા પ્રસન્ન છે.
સારું જ જોવાની આદત હશે તો સદૈવ પ્રસન્નતા સાંપડશે.
રાગ-દ્વેષરહિતને મધ્યસ્થ પરિણતિ ટકી રહે છે.
સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવ રાખતો સમ્યગ્દૃષ્ટિ જીવ
કોઈના ઉપર પણ વેર ધરતો નથી.
ગુણ અને ગુણી - ઉભય પ્રત્યે રાગ કેળવવાનો છે.
પ્રત્યનીક પ્રત્યે પણ તેની પ્રત્યનીકતા ઉપર દ્વેષ કરવાનો
છે, નહિ કે તે વ્યક્તિ પ્રત્યે. તેથી જ તો ધર્મના લક્ષણમાં
મૈત્રી રહી અપરિહાર્ય છે, વૈરાગ્યનું ચિહ્ન પરિમિત છે.
જીવન ૪ દિવસનું છે, તો પછી તેને કરુણાથી શા માટે
છલકાવા દેવું જોઈએ નહિ? દુનિયા દુઃખથી ભરી છે, તેમાં
દુઃખનો ઉમેરો ન કરવો પણ બીજાનું સુખ વધારવી.
મૈત્રી દ્વારા વચન, વિચાર અને ભાવશુદ્ધિ વધારવી.
તે માટે શરીરશુદ્ધિ, આહારશુદ્ધિ, વિચારશુદ્ધિ પણ વધારવી.

ભક્તિથી દયા અને કરુણાથી દુવા મળે છે.

મૈત્રી-મુદિતાદિ ભાવો વડે થતાં ધર્મ-ધ્યાનથી સ્વવિષયક અકાલ ઔત્સુક્ય રૂપી આર્તધ્યાનની પકડમાંથી છૂટાય છે.

સ્વપરતુલ્યતાવિષયક અભિન્નત્વના ધ્યાનથી થતાં શુક્લ પરિણામથી નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિનો લાભ થાય છે.

આત્માનંદ અમૃતરૂપ છે, કોઈ દિવસ ઓછો થતો નથી.

શરીર અને આત્મા જુદા છે.

આત્મા નિર્લેપ છે અને મનનો સાક્ષી છે.

આત્મકરુણામાં અધ્યાત્મ, લોકકરુણામાં નીતિ અને ઈશકરુણામાં ભક્તિ રહેલા છે.

કરુણા, મૈત્રી અને પ્રેમ -

એ 3 આત્માની પરમ હિતકારિણી વધૂઓ છે.

દુઃખ - પાપ અને કર્મનો નાશ કરવાના ઈચ્છુકે મૈત્રીની ભાવનાને અંતરતમમાં વિકસાવવી જ જોઈએ.

ચાર ગતિના અનંત દુઃખોમાં સબડતાં જીવોના ઉત્કૃષ્ટ હિતની ભાવના ભાવવી જ જોઈએ.

'ધર્મની ઉપર સ્વામિત્વ તો નમસ્કારનું જ છે.'

એથી વૃત્તિ વિશુદ્ધ થવાથી અહંત્વ નષ્ટ, મમત્વ ગળી જાય છે અને નમ્રત્વ, લઘુત્વ, આર્જવતા, ઋજુતા સંતોષ, સર્વ સાથે મૈત્રી વગેરે ગુણો આવે છે.

દાન, દયા, ક્ષમા, અહિંસા, મૈત્રી આદિના વિષયભૂત થઈને જીવો ઉપકારક બને છે.

વિષયો દાન-દયા આદિના વિષય બની શકતાં નથી અને જીવો સાધના આદિના વિષય બની શકતાં નથી.

મૈત્ર્યાદિનું સંવેદન અને ગુરુલાઘવ વિજ્ઞાન જાગ્યા પછી જ જ્ઞાન એ સમ્યગ્જ્ઞાનની ઉપમા પામે છે અને ક્રિયા એ સમ્યક્ક્રિયાની પ્રસિદ્ધિ મેળવે છે.

મૈત્રી જ બીજ અને એ જ ફળ.

(૧) આપણું મન તે કૃષિભૂમિ. (૨) મૈત્રીભાવ તે બીજ. (3) મહાપુરુષોનો બોધ તે વર્ષા. (૪) મૈત્રીમાં આપણો પ્રયત્ન તે કૃષિ. (૫) સ્વભાવનું સુખ તે અંકુર. (૬) આપણા મૈત્રીથી બધાના મનમાં પરિણામે મૈત્રીનો પ્રાદુર્ભાવ તે ફળ છે.

# અહિંસા - દયા - મૈત્રી

'ધર્મબિન્દુ'માં ધર્મના લક્ષણોમાં મૈત્રી કહી છે.
'પરપીડા ત્યાજ્ય છે' એમ માન્યાં પછી પણ
એ જીવો પ્રત્યે મૈત્રીભાવ નહિ હોય તથા
'સર્વ જીવો દુઃખમુક્ત અને પાપરહિત બનો'
એવી ભાવના નહિ હોય, તો જીવોને
દુઃખ નહિ આપવારૂપી પ્રવૃત્તિઓ પણ ટકી શકશે નહિ.
જેમ વાસના અને વિષયો - ઉભય ત્યાજ્ય છે,
તેમ અહિંસા અને મૈત્રી - ઉભય ઉપાદેય છે.
મૈત્રી વિનાની અહિંસાનું પાલન અભવ્ય જીવોને પણ
અનંતવાર અને ઉત્કૃષ્ટપણે થાય છે,
છતાં સંસારનો એક અંશ પણ ઘટતો નથી, તેમ
અહિંસા કે દયાનું પાલન અનંત વાર થાય, તો પણ
જે જીવોની અહિંસા કે દયા પાળવામાં આવે છે,
તે જીવો પ્રત્યે મૈત્રી કે સ્નેહનો પરિણામ નહિ હોય,
તો તેનો આત્મમલ સહેજ પણ ઓછો થવાનો નથી.

## પરસ્પરની મૈત્રી

યદ્યપિ મૈત્રીભાવના સર્વ વિષે છે, તો પણ પ્રવૃત્તિને અનુકૂળ મૈત્રીભાવના અપુનર્બંધકાદિ આશ્રિત જ કરી છે. મૈત્રી આદિ ચારે ભાવના શુભ ધ્યાનનું પોષણ કારણ છે. 'જેના પ્રત્યે અત્યારે આપણને મૈત્રી છે, તેના મનમાં કદાચ મૈત્રી ન હોય, તો ય આપણી મૈત્રીથી તેના મનમાં વિકસતી અમૈત્રી અટકી જાય છે અને ભવિષ્યમાં, જન્માંતરમાં એ બેનો યોગ થતાં જ પરસ્પરની મૈત્રી વિકસે છે'. આ નિયમ ભવ્ય જીવોના યોગમાં અવશ્ય લાગુ પડે છે, કિન્તુ અભવ્ય જીવોના યોગમાં કદાચ લાગુ ન પણ પડે. કમઠ અને પાર્શ્વનાથના ભવમાંથી એ તારવી શકાય છે.

મૈત્રીથી પવિત્ર પાત્ર, પ્રમોદ ભાવનાથી પુષ્ટ, કૃપા અને
ઉપેક્ષા - માધ્યસ્થ્ય ભાવનામાં શ્રેષ્ઠ યોગાત્મા -
સદા ભગવાનને મુજ નમસ્કાર હો.

મૈત્ર્યાદિ સ્વરૂપે સર્વનું હિત કરનાર લોકોત્તર ધર્મ એ ઔષધ છે અને મૈત્રી આદિની પરિણતિમાં મોક્ષ છે.

ભગવાન ઉપર અપકાર કરનાર જો ભવ્ય જીવ હોય,
તો તે કાળાંતરે ભગવાનની મૈત્રીથી મૈત્રીને પામે જ છે.
ભવ્યના સ્વભાવમાં મૈત્રી છે, તેથી કોઈપણ કાળે પ્રગટ થાય.
અભવ્ય જીવોને પણ દેવલોકાદિનાં સુખો અપાવનાર
તાત્ત્વિક રીતે તો મહાપુરુષોના ભાવનો પ્રભાવ જ છે.
અભવ્ય જીવો જે દ્રવ્યારાધના કરે છે,
તે પણ મહાપુરુષોના ભાવ વિના સંભવતી નથી.
જગમાત્રના સુખની અંદર હેતુરૂપે સ્વરૂપથી અને
ફળરૂપે મહાપુરુષોની મૈત્રી છે જ.
તાત્ત્વિક રીતે વિચારીએ તો મૈત્રી અને સુખ -
એ બંને એક જ વસ્તુના શબ્દપર્યાય છે.
જેના મનમાં મૈત્રી નથી, તે નિયમા દુઃખી હોય છે.
મૈત્રી જ ચિત્તપ્રસન્નતા છે અને
મૈત્રીનો અભાવ એ જ ચિત્તચિંતા કે ચિત્ત દાવાગ્નિ છે.
આમ સામાયિક એટલે સર્વ જીવ પ્રત્યે
મૈત્રીભાવનો જે લાભ થાય તે.

૪ ગુણવાન = યોગવિદ્યાનો અધિકારી.

યોગશાસ્ત્રમાં ધર્મધ્યાનના ઉપકારને માટે જે ૪ ભાવનો
વર્ણવેલી છે, તે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય છે.
આ ૪ ગુણથી ધર્મધ્યાનનો ઉપકાર થાય છે.
જે પુરુષમાં એ ૪ ગુણની વાસના હોય,
તે પુરુષ યોગનો, યોગવિદ્યાનો અધિકારી થઈ શકે છે.
તેવા ગુણની વાસના જે પુરુષમાં હોય,
તે જગતને પોતાના ગુણની વાસનાથી સુગંધી કરી મુકે છે.
એવા યોગીની પાસે સિદ્ધિઓ પોતાની મેળે આવે છે.
જેમ સુગંધી પદાર્થ ઉપર ભમરાઓ પોતાની મેળે આવે,
તેમ મૈત્રી વગેરેની સુગંધ ફેલાવનારા
યોગી પુરુષની પાસે સિદ્ધિઓ સ્વયમેવ પ્રાપ્ત થાય છે.
જે યોગી પુરુષમાં ઔદાસિન્યગુણ કે સામ્યગુણ હોય,
તેવા પુરુષમાં મૈત્રીગુણ તો અવશ્ય પ્રાપ્ત થાય જ છે.
જ્યારે મને એવો આ મૈત્રીગુણ પ્રાપ્ત થશે,
એટલે તે પુરુષમાં સંભ્રમનો દોષ રહેતો નથી.

## ધર્મનું મૂળ મૈત્ર્યાદિ ભાવના છે.

## તેનું મૂળ અરિહંત પરમાત્માનું વિશિષ્ટ આત્મદ્રવ્ય છે.

પ્રભુ સૌને નામાદિ વડે આલંબન, ઉપદેશાદિ વડે માર્ગ, સાધનાદિ વડે આદર્શ અને સિદ્ધિ વડે સદ્‌ગતિ આપે છે.

મૈત્ર્યાદિ ભાવનાઓનો ચિત્તની સ્થિરતા અને સ્થિતિનાં ૯ આલંબનોમાં એક આલંબન તરીકે સમાવેશ થયો છે.

## મૈત્રી હિતચિંતારૂપ છે.

હિતચિંતા સમ્યગ્દર્શન અને યથાર્થ વિવેક માંગે છે.

યથાર્થ વિવેક બે પ્રકારે છે:

જીવ પ્રત્યેની સમાનતા - પુદ્‌ગલ પ્રત્યેની વિભિન્નતા.

હિતચિંતા એ શુભ સવિકલ્પ દશાનો પ્રારંભ છે.

અહિંસા વડે દેહશુદ્ધિ - ક્ષમતા - મૈત્રી પ્રાપ્ત થાય.

મૈત્ર્યાદિ માટે આત્મૌપમ્યભાવ સાધન છે.

આત્મૌપમ્યભાવનું મૂળ જ પરસ્પરોપગ્રહનો નિયમ છે.

મૈત્રી, ક્ષમા, અહિંસા, વૈરાગ્ય, દમ, સંયમ, શમ, શાંતિ અને તપ - એ એકાર્થક જેવા શબ્દો છે.

જડના આકર્ષણને ઘટાડવા માટે નથી,
પોતા વિશ્વના જગત પ્રત્યેની ઉદાસીનતા નથી,
તેને પરિણામે જન્મતાં અને બળતાં ચિત્તના દોષોને ટાળવા
મૈત્ર્યાદિ ચાર નથી, અનિત્યત્વાદિ ૧૨ ભાવનાઓ છે.
અનિત્યત્વાદિની અનુપ્રેક્ષાથી પણ વિશુદ્ધિ તો જ બને
કે જો તે મૈત્ર્યાદિ ભાવનાઓથી ઉપબૃંહિત હોય.
મૈત્ર્યાદિથી પુષ્ટ બનેલી ભાવનાઓ વિશુદ્ધ બને.
તેવી વિશુદ્ધ બનેલી ભાવનાઓના અભ્યાસથી
જીવ - અંતઃકરણની શુદ્ધિ થાય છે, સમસ્ત જીવરાશિ
પ્રત્યે સ્નેહપરિણામ સ્થિર થાય છે, તેથી સાધકના ચિત્તના
મળો અને તેમાં ઉઠતાં વૃત્તિઓના કલ્લોલો શાંત થાય છે.
મૈત્ર્યાદિ ૪ ભાવનાઓને અનુભવી પુરુષોએ
ધર્મ - ધ્યાનના રસાયણભૂત કહી છે.
મૈત્રી આદિ શુભભાવોને જગાડનાર જીવોનું ભવ્યત્વ છે,
ગુણાધિકત્વ, દુઃખીત્વ અને પાપપરાયણત્વ પણ છે, તેથી
ઉપચારનયથી મૈત્ર્યાદિ ભાવોનું સ્વામિત્વ તે તે જીવોનું છે.

## અહિંસા અને મૈત્રી

અહિંસા એ મૈત્રીનો, અનેકાંત એ સમન્વયનો પર્યાય છે.
હિંસા એ વેર અને ભયને વધારે છે, જ્યારે
અહિંસા એ બંનેને શમાવે છે.
જે રીતે મૈત્રીની સાધનાનું સર્વોત્તમ સાધન અહિંસા છે,
તેમ અનેકાંત વિના પણ મૈત્રીમાં પૂર્ણતા આવતી નથી.
બીજાના જીવનને આદર આપ્યા વિના અહિંસાની ભાવના
ફળતી નથી, તેમ બીજાના વિચારોમાંના સત્ય પ્રત્યે ઉદારતા
બતાવ્યા વિના મૈત્રીભાવનાનો પૂર્ણ વિકાસ અસંભવિત છે.
અહિંસા અને અનેકાંતની જોડીથી જ
મૈત્રી સાચી રીતે સંભવિત છે.

## અશુભમુક્તિનો ઉપાય

જીવરાશી ઉપર સ્નેહનો પરિણામ એ નમસ્કારભાવ છે.
એ ભાવ મૈત્રી-મુદિતાદિ ભાવો વડે અભિવ્યક્ત થાય છે.
અરિહંતાદિ પ્રત્યે નમસ્કારભાવ એટલે
મૈત્રી-મુદિતાદિ ગુણો ઉપરનું બહુમાન.

જીવની મૈત્રી વડે ઔદાર્ય અને વૈરાગ્ય વિકસે છે.

મૈત્રીથી એક જ સાથે શાંતિ - તુષ્ટિ - પુષ્ટિ ત્રણે સધાય છે.

મૈત્રીથી વિષયો પ્રત્યે વૈરાગ્ય,

કષાયોનો ત્યાગ અને ગુણાનુરાગનો વિકાસ થાય છે.

મૈત્રીથી આર્ત તથા રૌદ્ર ધ્યાન મટે, ધર્મ તથા શુક્લ ધ્યાન વધે અને આત્મા - પરમાત્માનો અભેદ સધાય છે.

જેટલો ભગવાન પ્રત્યે પ્રેમ થાય છે,

તેટલો અંતે શયતાન પ્રત્યે પણ પ્રેમ થવો જોઈએ.

જીવન એક અખંડ સાધના છે.

મૈત્રી - પ્રેમધર્મની સાધના જીવનમાં અખંડ થવી જોઈએ.

મૈત્રીભાવથી રાગ - વાસના વિલીન થાય છે,

કેમકે સુખ મિત્રતાના દાવે પોતાનું જ સુખ બની જાય છે,

તેથી સ્વસુખવિષયક ઇચ્છા જ શમી જાય છે.

'મુદિતા' એટલે પ્રીતિ અને 'ઉપેક્ષા' એટલે ઉદાસીનપણું.

પુણ્ય કરનાર પ્રત્યે પ્રીતિ અને પાપી વિષે ઉદાસીન વૃત્તિ રાખવાથી પુણ્યની રુચિ તથા પાપ પ્રત્યે અરુચિ જાગે છે.

ચિત્તરૂપી નદીને રાગરૂપી વર્ષાઋતુ સદા કલુષિત કરે છે,
જિનભાવનાથી તે ચાલી જાય છે અને
ચિત્તને સ્વચ્છતા અને પ્રસન્નતા અર્પણ કરે છે.

મૈત્રી, કરૂણા, મુદિતાદિની ભાવનાઓની જેમ પાપની વાસનાથી નિવૃત્તિ કરાવનાર અને શુભ વાસનાને ઉત્પન્ન કરનાર ક્ષમા, માર્દવ, આર્જવ, દેવ-ગુરૂ સેવાદિ સર્વ શુભ કૃત્યોનો સંગ્રહ આવી ગયો, તેથી ચિત્તના રાજસ, તામસ ધર્મો નિવૃત્ત થઈ સાત્ત્વિક શુક્લ ધર્મ આવિર્ભાવ પામે છે. જિનભાવનાથી સુખની ઈર્ષ્યા અને ગુણની અસૂયાનું સહજ નિવારણ થાય છે. 'પોતાને સુખ મળો નહિ, બીજાને ન મળો' એવી વિપરીત ભાવનાનું એ નિવારણ થાય છે. આપણા સુખનો રાગ બીજાના સુખ ઉપર ઈર્ષ્યા અને બીજાના ગુણ ઉપર અસૂયા પેદા કરે છે, કિન્તુ મૈત્રીની આહ્લાદક ભાવનાથી તેનું નિવારણ થાય છે.

દરેકને 'મને સર્વ સુખ મળો' એવી રાગવૃત્તિ હોય છે.
એ રાગનો પણ જિનભાવનાથી બાધ થાય છે.

## કરુણા ભાવનાથી શું - શું ટળે ? તેમાંથી...

દર્પ - અહંકારાદિ, અપકાર કરવાની ઇચ્છારૂપ દ્વેષ અને પ્રાણી - પદાર્થ ઉપર વૈર - વિરોધભાવ ઓસરી જાય છે. અન્યને અપકાર કરવાની વિરોધવૃત્તિ જીવમાત્રમાં હોય, તે પરાપકારરૂપ નિતાંત કરુણા ભાવનાથી ટળી જાય છે. કરુણાબળ વડે પરાપકાર કરવાની વૃત્તિ રહેતી નથી, પોતાને અપકાર કરનાર પ્રત્યે વૈરબુદ્ધિ ટકતી નથી તથા દ્વેષમળનો બાધ થાય છે, ઉપરાંત 'બીજાની અપેક્ષાએ સુખી છું' એવો દર્પ પણ થતો નથી.

## માધ્યસ્થવૃત્તિ કેળવવાથી શું - શું ટળે ?

જીવને દુઃખનો દ્વેષ છે પણ દુઃખના કારણભૂત પાપનો કંટાળો નથી. પાપી પ્રત્યે ઉદાસીનવૃત્તિ કેળવવાથી પાપ તરફ પણ પરાઙ્મુખતા આવે છે અને પાપ નહિ કરવાનું બળ વધતું જાય છે. દુઃખનો દ્વેષ હતો, તે પાપના દ્વેષમાં પરિણમે છે અને પાપ પ્રત્યેની અરુચિ વધવાથી જીવન નિષ્પાપ અને પરિણામે નિર્દ્વન્દ્વ અને નિર્દુઃખ બને છે.

## જીવમૈત્રી, જિનભક્તિ, ગુણાનુરક્તિ

દાન - શીલ - તપ - ભાવમાં ભાવ વિનાના દાનાદિ નિષ્ફળ છે એટલે જીવમૈત્રી, જિનભક્તિ તથા ગુણાનુરક્તિના ભાવ વિનાના દાનાદિ નિષ્ફળ છે.

જીવમૈત્રી, જિનભક્તિ અને ગુણાનુરક્તિનો ભાવ પ્રગટાવવામાં મુખ્ય આલંબન શ્રી નવપદો છે, કેમકે નવેપદો એ ગુણો ભાવથી છલોછલ ભરેલાં છે અને તે ગુણોગુણા ભાવનાં ફળ રૂપે આનંદપદને વરેલાં છે. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય તથા માધ્યસ્થ ભાવગુણોથી યુક્ત એવો જીવ અનંત ચતુષ્ટય સ્વરૂપ મુક્તિને પામે છે. 'સૌમનસ્ય' એટલે મૈત્ર્યાદિ ભાવમયતા, એ જ સાધુતા.

### સમ્યગ્દૃષ્ટિ જીવને...

સુખી ઉપર મૈત્રી થશે પણ ઈર્ષા નહિ,
દુઃખી જોઈ કરુણા થશે પણ તટસ્થતા નહિ,
ગુણી જોઈ પ્રમોદ થશે પણ દ્વેષ નહિ,
પાપીને જોઈ માધ્યસ્થ્ય થશે પણ તિરસ્કાર નહિ.

એવું અદ્ભુત વાદળી કઈ ? મૈત્રાદિ જનતી શાંતિની.

અદ્વૈત તત્ત્વ ઉપર અવિચળ દૃષ્ટિ રાખીને અવિરોધાત્મ શાંતવૃત્તિને કદાપિ જરાપણ ચળવા ન જ દેવી અને આત્મતત્ત્વના સ્વરૂપ માર્ગે જ પ્રભુની ઉપાસના કરવી, એવું સર્વ શાસ્ત્રોનું પહેલું અને છેલ્લું અનુશાસન છે.

ઉત્કૃષ્ટ મૈત્રામાંથી અપાયાપગમાતિશય, ઉત્કૃષ્ટ પ્રમોદમાંથી પૂજાતિશય, ઉત્કૃષ્ટ કરૂણામાંથી વચનાતિશય અને ઉત્કૃષ્ટ ઉપેક્ષા એટલે કે માધ્યસ્થ્ય ભાવમાંથી જ્ઞાનાતિશય ઉત્પન્ન થાય છે.

પ્રભુના ૪ અતિશય ચારે ભાવનાનું પરમોત્કૃષ્ટ ફળ છે.
યોગસ્વરૂપ પરમાત્માને નમસ્કાર. તે 'યોગસ્વરૂપ' શું?
તો કે મૈત્રભાવ, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યભાવ!
ભગવાનના ૪ સહજાતિશય, ૧૧ કર્મક્ષયજ નિતાતિશય,
૧૯ દેવકૃતાતિશય, ૩૫ વાણીના અતિશય,
૮ મહાપ્રાતિહાર્યોની પૂજા ઇત્યાદિ
મૈત્ર્યાદિ ભાવસ્વરૂપ યોગના જ ઉત્કૃષ્ટ ફળ છે.

અનાદિકાળથી આ ૪ ભાવનાઓ જીવ સાથે જડાયેલી છે.

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય.

ધર્મ પામ્યાં પૂર્વે તે વિપરીત - અસ્થાનપ્રવૃત્ત હોય છે.
કેવળ પોતાના જ સુખની ચિંતા, પોતાના ગુણોનો જ
પ્રમોદ, કેવળ પોતાના દુઃખો પ્રત્યે જ કરુણા અને
કેવળ પોતાના પાપો પ્રત્યે જ ઉપેક્ષા હોય છે, કિન્તુ...

ધર્મ પામ્યાં પછી તે સમ્યક્ - સ્વસ્થાનપ્રવૃત્ત હોય છે.
સર્વના સુખની ચિંતા, સર્વ ગુણી જીવોના ગુણોનો
પ્રમોદ, સર્વ દુઃખી જીવોનાં દુઃખોની કરુણા અને
સર્વ પાપાત્માઓના પાપની ઉપેક્ષા હોય છે.

વળી પૂર્વ અવસ્થામાં ભાવનાઓ તેના પ્રત્યે મૈત્રી ધારણ
કરે, પોતાના ગુણોને જોઈને આનંદ પામે દુઃખો પ્રત્યે
કરુણા ધારણ કરે તથા પોતાનાં પાપાચરણ પ્રત્યે સદ્
માધ્યસ્થભાવ રાખે, એવી ભાવના હોય છે.

ધર્મ પામ્યાં પછી તે ભાવનાઓ પ્રત્યે મૈત્રી, પ્રમોદ, કરુણા
અને માધ્યસ્થ્યભાવને ધારણ કરે છે કે જે પૂર્વે ન્હોતો.

## પ્રથમ મૈત્રીભાવના

કુપથ્ય રોગોને જેમ વસંતમાલતી,
સુવર્ણ, લોહ, અભ્રક વગેરે રસાયણો પુષ્ટિ આપે છે,
તેમ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવના
આર્ત-રૌદ્રાદિ અશુભ ધ્યાનોથી થતાં
આંતરિક ક્લેશનો નાશ કરીને
ધર્મધ્યાન રૂપી રસાયણ વડે આત્મદેહને પુષ્ટ કરે છે.
ત્રુટિત થયેલ ધર્મધ્યાનની ધારાને ૪ ભાવનાઓ જોડે છે.
જૈન પ્રવચન અહિંસા તથા ક્ષમામય હોવાથી મૈત્રીમય છે.
જિનપ્રવચન અનેકાંતમય હોવાથી
તેમાં સર્વ નયોને સમાન સ્થાન છે.
સર્વનય સાપેક્ષતા એ વ્યાપક મૈત્રીનો જ એક પ્રકાર છે.

## દ્વિતીય પ્રમોદભાવના

ધર્મમાર્ગે સૌથી પ્રબળ વિઘ્ન પ્રમાદદોષ છે, જે પ્રમોદ
ભાવનાથી ટળે છે. જ્યાં શુદ્ધ ધર્મ કરવામાં પ્રમાદ છે,
ત્યાં શુદ્ધ તેને નિવારવા પ્રમોદભાવના આવશ્યક છે.

તેવો નિશ્ચય દૃઢ કરવો જોઈએ કે:

સાધનામાં અનેક વિઘ્નો દેખાતાં હોય, તો પણ
જ્યાં સુધી પ્રમોદભાવના વિદ્યમાન હશે, ત્યાં સુધી
વિઘ્નો ટળ્યાં સિવાય રહેવાના નહિ અને
નવકારની સાધના નિર્વિઘ્ન થયાં સિવાય રહેવાની નહિ.

નવકારની સાધનાને નિર્વિઘ્ન બનાવવા માટે
પ્રત્યેક પ્રસંગો અને વ્યક્તિમાં પ્રમોદભાવનાનો વિષય
'ગુણાધિકતા' છે, તેને શોધી કાઢવી જોઈએ.
ગુણદૃષ્ટિથી ગુણી આત્માઓના આશીર્વાદ મળે અને
આ લોકમાં જનપ્રિય પણ બનાય છે.
દોષદૃષ્ટિ એ વિષ છે, તે ભવોભવ મારે છે, જ્યારે
ગુણદૃષ્ટિ એ અમૃત છે, જે અજર - અમર બનાવે છે.

નમસ્કાર મહામંત્રનું ધ્યાન એ
પ્રમોદભાવનાની ઉપાસનાનું સર્વશ્રેષ્ઠ સાધન છે.
'ચૌદ પૂર્વનો સાર નમસ્કાર છે' અર્થાત્
'ચૌદ પૂર્વનો સાર એ પ્રમોદભાવના છે.'

'નમસ્કાર સર્વ શાસ્ત્રોમાં અનુસ્યૂત છે' અર્થાત્
'પ્રમોદભાવના સર્વ શાસ્ત્રોમાં અનુસ્યૂત છે.'
'નમો એ મોક્ષનું બીજ છે' અર્થાત્
'પ્રમોદભાવના એ મોક્ષનું બીજ છે.'

નમસ્કારમંત્રની જેમ પ્રમોદભાવના પણ સર્વ પાપપ્રણાશક અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે.

ગ્રન્થના પ્રારંભમાં ગ્રન્થકારો જે ઇષ્ટદેવતા નમસ્કારરૂપ ભાવમંગલ કરે છે, એનો અર્થ એ છે કે:
કોઈપણ મંગલકાર્યનો પ્રારંભ પ્રમોદભાવનાથી જ થાય છે.

સર્વ અનુષ્ઠાનોનો પ્રારંભ 'ઇચ્છામિ ખમાસમણો' સૂત્રથી થાય છે, તે પ્રમોદભાવના જ પ્રદર્શિત કરતો હોય છે.

કાયોત્સર્ગમાં પણ પંચ પરમેષ્ઠિ અને જિનેશ્વરોનું જે ધ્યાન હોય છે, તે પ્રમોદભાવનાનો જ વિષય હોય છે.

આ જિનેશ્વરદેવનું ધ્યાન પ્રમોદભાવનારૂપ હોવાથી તે ક્રિયાને અમૃતમય બનાવનાર પ્રમોદભાવના જ છે.

તે સુકૃતની અનુમોદના પણ પ્રમોદભાવના જ છે.

ગચ્છકુલવાસના સેવનમાં જે કૃતજ્ઞતા,
વિનય, વૈયાવચ્ચ આદિ ગુણોનું પાલન થાય છે,
તે આચાર કે વ્યવહાર પણ પ્રગટ કે પ્રચ્છન્નપણે
પ્રમોદભાવનાની જ પુષ્ટિ કરે છે.

જગતમાં જે પણ કોઈ સત્કાર્યો થાય છે,
તેની પાછળ પણ બળ પ્રેરનાર પ્રમોદભાવના જ હોય છે.

જિનમંદિરાદિ ધર્મસ્થાનો પણ મુખ્યત્વે
પ્રમોદભાવનાના પાયા ઉપર જ ઉભા થયેલાં હોય છે.

પ્રમોદભાવનાની પરાકાષ્ઠા જ તીર્થંકર નામકર્મની
પરમ પ્રકૃષ્ટ પુણ્યપ્રકૃતિનું ઉપાર્જન કરાવે છે, કેમકે
તે પુણ્યપ્રકૃતિનું ઉપાર્જન કરનારા પુણ્યાત્માઓ
પૂર્વના તીર્થંકરો ઉપર ઉત્કૃષ્ટ પ્રમોદભાવને ધારણ
કરનારા હોય છે, તેથી તે મહાત્માઓ અખિલ જગતમાં
પ્રમોદનો ઉત્કૃષ્ટ વિષય બને છે.

શુભ આલંબનોના આદરથી વિઘ્નો નાશ થાય છે અને
તે ધ્યાનાદિ આરોહણથી ભ્રંશને અટકાવે છે.

# તૃતીય કરુણાભાવના

'દુઃખીનાં દુઃખ દૂર થાઓ, બીજાઓનું દુઃખ તે મારું જ દુઃખ છે' ઈત્યાદિ કરુણાની ભાવના કે અનુકંપા છે.

અનુકંપામાં 'અનુ' એટલે બીજાઓનું દુઃખ જોયાં પછી, 'કંપ' એટલે હૃદયમાં થતી તે દૂર કરવાની લાગણી.

દુઃખિતને જોઈ સત્પુરુષોના હૃદયમાં એક પ્રકારનો કંપ ઉત્પન્ન થાય છે અને બીજાઓનાં દુઃખ દૂર કરવાની તેમને જે તાલાવેલી જાગતી રહે, તે તેમની અનુકંપા છે.

બીજાઓને દુઃખ ન થાય તેમ વર્તન કરવું, તે દયા છે.

હીનગુણી કે દુઃખી જીવોનો અતિરસ્કાર તે અઘૃણ્ય છે.

દીન જીવોને સુખ આપવાની તત્પરતા તે દીનાનુગ્રહ છે.

કરુણા, અનુકંપા, દયા, અઘૃણ્ય, દીનાનુગ્રહ -
એ સર્વ શબ્દો એકાર્થક છે.

માર્ગાનુસારી કે ધર્માભિમુખ જીવમાં કરુણા ઉગે છે.

લૌકિક - લોકોત્તર, સ્વવિષયક - પરવિષયક તથા વ્યાવહારિક - નૈશ્ચયિક આદિ કરુણાના અનેક પ્રકાર છે.

## લૌકિક કરુણાના બે ભેદ

(૧) મોહજન્ય કરુણા = ગ્લાનાપથ્યદાન.

(૨) દુઃખિત દુઃખદર્શનજન્ય = ભૂખ્યાંને અન્નાદિ આપવા તે.

## લોકોત્તર કરુણા એટલે...

દુઃખનું મૂળ એવા પાપનો નાશ કરવાનાં સાધનો, જેવા કે ધર્મદેશના, તીર્થપ્રવર્તન આદિ પૂરાં પાડવાં તે.

## લોકોત્તર કરુણાના બે ભેદ

(૧) સંવેગજન્ય : ૪ - ૫ - ૬ ગુણઠાણે.

(૨) સ્વભાવજન્ય : અપ્રમત્તાદિ ગુણઠાણે.

## સ્વવિષયક તથા પરવિષયક કરુણા

એટલે સ્વસંબંધી દુઃખનાશ કરવાના ઉપાયોની પ્રવૃત્તિ તથા પરદ્રવ્ય - ભાવદુઃખ દૂર કરવાના ઉપાયોનું સેવન.

## નૈશ્ચયિક તથા વ્યાવહારિક કરુણા

શુભાત્માધ્યવસાય રૂપ કરુણા તે નૈશ્ચયિક કરુણા છે, અન્નદાનાદિને વિષે પ્રવૃત્તિ તે વ્યાવહારિક કરુણા છે.

આ બંને પ્રકારની કરુણા પરસ્પરપૂરક હોય છે.

## કરુણાભાવના એટલે...

બીજાઓનું દુઃખ દૂર કરવાની મનની વૃત્તિ.

પોતાનાં દુઃખ ઉપર દ્વેષ છે, તેનું સ્થાન જ્યારે બીજાઓનાં દુઃખ લે, ત્યારે સ્વદુઃખ ભુલાઈ જાય છે. વ્યક્તિગત દુઃખ પ્રત્યેના દ્વેષનું સ્થાન સર્વ દુઃખી જીવોનું દુઃખ બનાવવું, એ જ કરુણાભાવનાનું સાચું રહસ્ય છે.

'મારાં દુઃખો નાશ પામો' એવી વૃત્તિના સ્થાને 'સર્વનાં દુઃખો નાશ પામો' એ ભાવના જ્યારે પ્રબળ બને,

ત્યારે અન્યને અપકાર કરવાની

મલિન ચિત્તવૃત્તિ પણ આપોઆપ ચાલી જાય છે. 'આત્મદૃષ્ટિએ બધા જીવો તુલ્ય છે' એમ જાણીને દુઃખી પ્રત્યે જ્યારે કરુણાભાવનાને સ્થિર કરવામાં આવે છે, ત્યારે પોતાનો દર્પ યા અહંકાર ચાલ્યો જાય છે અને બીજા પ્રત્યેનો તિરસ્કાર પણ દૂર થઈ જાય છે. વિનમ્રગુણી પ્રત્યે તિરસ્કાર અને દુઃખીના દુઃખ પ્રત્યે ઉપેક્ષા એ ભવના આયખામાં વર્તમાનકાળને સૂચવે છે.

## કરુણાભાવના શા માટે કર્તવ્યરૂપ ?

કરુણાભાવનાના અભ્યાસથી તિરસ્કાર અને ઉપેક્ષારૂપ
અશુભ ચિત્તવૃત્તિઓનો વિલય થાય છે, તેથી
તે કરુણાભાવનાને કેળવવી, એ પરમ કર્તવ્ય બને છે.

હિતોપદેશનું દાન એ સર્વશ્રેષ્ઠ કરુણા છે.

જિનપ્રવચન હિતોપદેશરૂપ છે, માટે કરુણામય છે.
જિનેશ્વરો પુષ્કરાવર્ત મેઘના સ્થાને છે.
તે મેઘમાંથી હિતોપદેશરૂપ પ્રચંડ જળની વૃષ્ટિ થાય છે.
તે વર્ષા વડે ભવ્ય જીવો પરમ શાંતિને પામે છે.

જગતની સેવા એ તીર્થંકરોની સેવા છે અને
જગતની ઉપેક્ષા એ તીર્થંકરોની જ ઉપેક્ષા છે.

દાન, શીલ, તપ અને ભાવરૂપ ૪ પ્રકારનો ધર્મ
ચતુર્વિધ સંઘમાં કરુણાનું જ માહાત્મ્ય સૂચવે છે.
જે બીજાઓને તિરસ્કારે, તે પોતે જ તિરસ્કારને પામે છે.
જે દુઃખીઓની ઉપેક્ષા કરે છે,
તેને દુઃખ વખતે બીજાઓની સહાય મળતી નથી.

ગૃહિધર્મ અને યતિધર્મ વડે પણ અહિંસાનું પાલન થતું
હોવાથી કરુણાની ભાવનાનું પ્રાધાન્ય સચવાય છે.

કરુણામય જિનપ્રવચનનાં રહસ્યો
હૃદયમાં કરુણાભાવના પ્રગટવાથી જ સમજાય છે.

હીનગુણ આત્માઓ પ્રત્યેની કરુણા
અધિક ગુણવાળા આત્માઓની સાથે મિલાપ કરાવે છે,
તેમની કરુણાના પાત્ર બનાવી નવા ગુણોને ખીલવે છે.

## ચતુર્થ માધ્યસ્થ્યભાવના

રાગ અને દ્વેષની વચ્ચે રહે તે મધ્યસ્થ.
કોઈપણ પ્રસંગમાં રાગ કે દ્વેષ ન થાય,
તે માટે પુનઃ પુનઃ ચિન્તન તે માધ્યસ્થ્યભાવના છે.
જ્યાં મૈત્રી, મુદિતા અને કરુણાભાવનાનો ઉપયોગ ન
થઈ શકે, ત્યાં આ ભાવનાનો ઉપયોગ કરવાનો છે.

પ્રથમ માધ્યસ્થ્ય પાપી પ્રત્યે છે.
પ્રયત્ન કર્યા છતાં તે પાપથી ન અટકે, ત્યારે મધ્યસ્થ
રહેવું પણ ચિત્તને ક્રોધાદિ કષાયથી કલુષિત થવા ન દેવું.

માધ્યસ્થ્યથી આમર્ષ - વૈરની ઇચ્છારૂપ ચિત્તમલ ટળે છે.

આ દ્વેષ પ્રશસ્ત હોવાથી પુણ્યાનુબંધી પુણ્યનો હેતુ છે,
પરિણામે તે સાંસારિક સુખ ઉપર
રાગ - દ્વેષરહિતપણું જ માધ્યસ્થ્ય પેદા કરે છે.
સુખ ઉપર દ્વેષની જેમ દુઃખ ઉપર રાગ પણ
પ્રશસ્ત મનોભાવ હોવાથી
પુણ્યાનુબંધી પુણ્યનો હેતુ બની
પરિણામે માધ્યસ્થ્ય કે રાગ - દ્વેષરાહિત્ય ઉત્પન્ન કરે છે.
મધ્યસ્થતા રાખવાથી પાપી પાપમાં આગ્રહી બનતાં અટકે છે
અને ભવિષ્યમાં તેને સુધારવાની તક કાયમ રહે છે.
તિરસ્કારાદિથી તો દ્વેષ - વૈરની પરંપરા જ વધતી જાય.
માધ્યસ્થ્યથી તેનો આપણા પ્રત્યે સદ્ભાવ ટકી રહેવાથી
ભવિષ્યમાં તેને સુધારવાની તક આપણા હાથમાં રહે છે.
અપથ્યસેવનના રોગીની જેમ અહિતસેવકને પણ
જો કોઈ કાળે અહિત કરતાં નિવારી ન શકાય,
તો મધ્યસ્થપણું ટકાવી રાખવું, તે ઉભયના હિતમાં છે.

## પ્રશસ્ત રાગ - દ્વેષનું કારણ શું ?

દુઃખ ઉપરનો રાગ...

દુઃખની કર્મનિર્જરામાં ઉપકારકતાદિના વિચારથી જાગે.

સુખ ઉપરનો દ્વેષ...

સુખની દુઃખાનુષંગિતા કર્મબંધનતાદિના વિચારથી થાય.

સુખવિષયક માધ્યસ્થ્યનાં દૃષ્ટાંતો

તીર્થંકર ભગવંતોના ચરમભવો, અનુત્તર વિમાનના દેવો,
ધન્ના - શાલિભદ્ર, પૃથ્વીચંદ્ર - ગુણસાગર વગેરેના છે.
પુણ્યાનુબંધી પુણ્યનો ઉપભોગ કરનાર આ મહાપુરુષો
સુખનો ઉપભોગ ઇચ્છારસિકપણે નહીં,
કેવળ પ્રવૃત્તિ કર્મના ઉદયે જ કરતાં હતા.

દુઃખવિષયક માધ્યસ્થ્યનાં દૃષ્ટાંતો

ભગવાન મહાવીર, ગજસુકુમાલ, ખંધક મુનિ તથા
ખંધક મુનિના શિષ્યો વગેરેના દૃષ્ટાંતો આવે છે.
યોગની છ દૃષ્ટિઓમાંથી પસાર થયાં પછી જ
સુખવિષયક માધ્યસ્થ્ય આવે છે.

ગુણવિષયક માધ્યસ્થ્ય લબ્ધિધર મુનિઓને હોય છે.
તેઓ એમ વિચારે છે કે : ક્ષયોપશમલબ્ધ તો આત્માની
અપૂર્ણતા છે, તેમાં આનંદ માનવાનો હોય જ કઈ રીતે?
લબ્ધિ તથા સિદ્ધિઓ ક્ષયોપશમના ઘરની હોય છે.

## મોહવિષયક માધ્યસ્થ્ય

અપ્રમત્તાદિ ઉપરના ગુણસ્થાનકોએ પ્રગટે છે,
જેને 'અસંગાનુષ્ઠાન' પણ કહે છે.
તે સમયે સાધકનો આત્મા
સહજાનંદરૂપ અમૃતના મહાસાગરમાં નિમગ્ન બને છે.
સર્વવિષયક માધ્યસ્થ્ય કેવલી ભગવંતોને હોય છે તથા
કેવલી ભગવંતોએ બતાવેલા તત્ત્વોનું અનેકાન્ત દૃષ્ટિએ
ચિંતન કરનાર મહાપુરુષોને તો તે સ્વયમેવ પ્રગટે છે.
આ માધ્યસ્થ્યને ધારણ કરનારા મહામુનિઓને
સર્વ વિચારો અને વચનો પ્રત્યે માધ્યસ્થ્ય હોય છે.
તેમનો મનઃપરિણામ સર્વ નયાવગાહિ હોય છે.
તે વિના વસ્તુતત્ત્વનો યથાર્થ નિર્ણય સંભવતો નથી.

## માધ્યસ્થ્યના ફળરૂપે શું બને છે?

જિનેશ્વરમાં માધ્યસ્થ્ય હોવાના ફળરૂપે તેમના વચનો સાગર કરતાં ય ગંભીર - ચંદ્રમા કરતાં ય સૌમ્ય હોય છે. તેઓને કેવળ સત્યનો જ આગ્રહ હોવાથી સ્વદર્શન પ્રત્યે રાગ અને પરદર્શન પ્રત્યે દ્વેષ રહેતો નથી. આ જિનપ્રવચન એ માધ્યસ્થ્યરસથી છલોછલ ભરેલું છે, કેમકે તેના પ્રરૂપક પરમ મધ્યસ્થ આ જિનેશ્વરદેવ છે.

નયોનો વિચાર બોધ માધ્યસ્થ્ય લાવે છે, તેમ કર્મપ્રકૃતિનો વિચાર પણ મધ્યસ્થપણાંને ઉત્પન્ન કરે છે. કર્મવિપાક ચિન્તનથી જીવ મધ્યસ્થ બનતો હોવાથી તેને અનુષ્ઠાનના ફળો પ્રત્યે પણ મધ્યસ્થભાવ જાગે છે.

અન્ય સર્વ દર્શનકારો પણ નિષ્કામ ભાવને જ 'ઈશ્વરાર્પણ બુદ્ધિ' કહે છે. પ્રત્યેક અનુષ્ઠાન વખતે નિષ્કામભાવવાળા ચિત્તરત્નમાં તીર્થંકર ભગવંતોનું અધિષ્ઠાન તથા સ્મરણાદિ થાય છે, તેથી તેને સર્વત્ર માધ્યસ્થ્યભાવની સિદ્ધિ થાય છે.

વીતરાગ ભગવંતની મુદ્રા પણ માધ્યસ્થ્યભાવની દ્યોતક છે.
જેના ઉત્સંગમાં રમા અને હૃદયમાં રાગ નથી,
હાથમાં શસ્ત્ર અને હૃદયમાં દ્વેષ નથી,
ફક્ત એ જિન જ માધ્યસ્થ્ય ભાવના સહિતનું છે.
નવકારમંત્ર પણ માધ્યસ્થ્યમય છે, કેમકે
તેમાં પૂજ્ય એવા પંચ પરમેષ્ઠિઓનું સ્મરણ છે.
માધ્યસ્થ્યભાવ વિના પૂજ્યતા આવતી નથી.
આ રીતે નવકારનો સાર માધ્યસ્થ્યભાવના જ હોવાથી
તે પરંપરાએ ચૌદ પૂર્વનો પણ સાર બને છે.
અહિંસા, સત્ય, ક્ષમાદિ ધર્મો માધ્યસ્થ્યના જ પ્રકારો છે.
જ્યાં જ્યાં માધ્યસ્થ્યનો ભંગ થાય છે,
ત્યાં ત્યાં ક્લેશ, ભય, રોગ, શોક ઉભા થાય જ છે.
શ્રી જિનપ્રવચનમાં રહેલ જીવાદિ ૯ તત્ત્વો,
અનિત્યત્વાદિ ૧૨ ભાવનાઓ, સર્વ પ્રકારે યમ-નિયમો,
સર્વ શાસ્ત્રો અને સત્ક્રિયાઓ વગેરેનું મુખ્ય લક્ષ્ય
જીવને મધ્યસ્થ એટલે કે રાગ-દ્વેષરહિત બનાવવાનું છે.

મધ્યસ્થ = મધ્ય = કેન્દ્ર, માધ્યસ્થ = કેન્દ્રમાં રહેનાર.

માધ્યસ્થ વિના કોઈ જીવન સંભવતું જ નથી.

આ જગતમાં જે કાંઈ પણ દુઃખો છે,
તે સર્વ માધ્યસ્થ્યને ન જાળવવાનું જ પરિણામ છે.
જિનપ્રવચન એ માધ્યસ્થ્યમય હોવાથી તેનાં રહસ્યો
કે ગુપ્ત અર્થો માધ્યસ્થ આગળ જ પ્રગટ થાય છે.
આત્મા તરફ લક્ષ્ય કેન્દ્રિત કરીને જે કાંઈ પ્રવૃત્તિ થાય,
તે બધી મધ્યસ્થ પ્રવૃત્તિઓ જ કહેવાય.
જે બધા પક્ષોનું સાંભળે છતાં કોઈમાં ખેંચાય નહિ,
તે મહાજન મધ્યસ્થ પ્રકૃતિનો મહાજન કહેવાય.
તેવા માનવનું ખેંચાણ માત્ર સત્ય તરફ જ હોય છે.
કેન્દ્રસ્થ કે મધ્યસ્થ આત્માને ન્યાયાધીશની ઉપમા છે.
અનેક સંતાનના પિતા એક જ હોય,
તેના જેવા ભાવવાળો માનવી મધ્યસ્થ ગણાય છે.
આ જગતમાં પ્રવર્તી રહેલાં
ગુણમાત્રની ઉત્પત્તિ માધ્યસ્થ્ય ભાવમાંથી છે.

જીવમાત્ર પ્રત્યેનું માધ્યસ્થ્ય = મૈત્રી.

ગુણીમાત્ર પ્રત્યેનું માધ્યસ્થ્ય = પ્રમોદ.

દુ:ખીમાત્ર પ્રત્યેનું માધ્યસ્થ્ય = કરુણા.

પાપીમાત્ર પ્રત્યેનું માધ્યસ્થ્ય = ઉપેક્ષા.

સુખ - દુ:ખ પ્રત્યેનું માધ્યસ્થ્ય = વૈરાગ્ય.

વિશ્વ - વૈચિત્ર્ય પ્રત્યે માધ્યસ્થ્ય = વિવેક.

માધ્યસ્થ્યમાત્ર વિવેકબુદ્ધિજન્ય છે. ન્યાયની બુદ્ધિ એ સત્યનો પક્ષપાત છે. અહિંસાદિ વ્રતો, ક્ષમાદિ ધર્મો, દાન, દેવપૂજન આદિ શુભ પ્રવૃત્તિઓ ન્યાયબુદ્ધિનું ફળ છે. સર્વ પ્રકારનાં શુભ અનુષ્ઠાનો અને સર્વ સુભાષિતો ન્યાયબુદ્ધિ તથા મધ્યસ્થવૃત્તિવાળા અને આત્મસ્થિત મહાપુરુષોના હૃદયમાંથી નીકળેલા સૌમ્ય ઉદ્‌ગાર છે.

Imp. સામાયિક ધર્મ એ બહુ પરમ મધ્યસ્થ એવા ૨૪ તીર્થંકરો - શ્રી જિનેશ્વર ભગવંતોનો સાધકોને સર્વકાલીન ઉપયોગી એવો ઉપદેશ છે, તેથી મધ્યસ્થ ભાવનો દ્યોતક છે.

માધ્યસ્થ્ય અથવા Positive neutrality
એટલે અરાગદ્વેષ વૃત્તિ, જે બધાં ગુણોની જનની છે.

માધ્યસ્થ્ય વૃત્તિ જીવને સ્વકીય સ્વરૂપમાં
વિશ્રાંતિ આપનાર માતાની ઉપમાને પાત્ર છે.

માધ્યસ્થ્ય = સુખી, દુ:ખી, પુણ્યવાન, પાપી, ગુણી, નિર્ગુણી,
સંસારી યા સિદ્ધ - એમ સર્વ પ્રત્યે આત્મૌપમ્યવૃત્તિ.

પરમાત્મૌપમ્યભાવનું મૂળ માધ્યસ્થ્યભાવ છે અને
માધ્યસ્થ્યભાવનું મૂળ અનેકાન્ત છે.

જીવતત્ત્વની સદ્દહણા વિના કેવળ માધ્યસ્થ્ય એ
દૌ:સ્થ્ય સ્વરૂપ બને, એમાં શંકા નથી.

જૈનધર્મ - જૈનદર્શને દુનિયાને ઘણી સોગાદો આપી છે,
તેમાં સૌથી શ્રેષ્ઠ ધર્મની દેન અપરિગ્રહ છે અને
સૌથી શ્રેષ્ઠ દર્શનની દેન મધ્યસ્થદૃષ્ટિ છે.

અહિંસાદિ તો ભારતમાં પ્રાચીનકાળથી ચાલી આવે છે,
પરંતુ અત્યંત અપરિગ્રહ અને અત્યંત મધ્યસ્થદૃષ્ટિ-
એ બે વસ્તુ વિશિષ્ટરૂપે છે.

## જિનભક્તિ - જીવમૈત્રી કઈ રીતે પરસ્પરાશ્રિત?

'જિન'થી 'જીવ' જે બે કક્ષાઓ જુદી પડે, તે છે:
જિનભક્તિ - જીવમૈત્રી. તેની સાથે માધ્યસ્થ્ય જોડાયું છે.

## કોણ શેની અપેક્ષા રાખે છે?

માધ્યસ્થ્યગુણ ચિત્તશુદ્ધિની, ચિત્તશુદ્ધિ ન્યાયબુદ્ધિની
ન્યાયબુદ્ધિ યથાર્થબોધની, યથાર્થબોધ આપ્તવચનની
તથા આપ્તવચન આપ્તપુરુષની અપેક્ષા રાખે છે. વળી
આપ્તપુરુષનો સમાગમ પુણ્યબળની, પુણ્યબળ દેવગુરુ
ભક્તિની, દેવ-ગુરુની ભક્તિ દીન તથા દુઃખીની દયાની,
દીન-દુઃખીની દયા દેવગુરુની ભક્તિની અપેક્ષા રાખે છે,
એમ જિનભક્તિ તથા જીવમૈત્રી પરસ્પરાશ્રિત છે.
આધ્યાત્મિક મૈત્રી વિચારોની હોય, તે જ સાચી મૈત્રી છે.
પંચપરમેષ્ઠિના ગુણોને (૩૬-૨૫-૨૭) આગળ કરીને જ
આરાધના થાય છે, તેમ જીવમાં રહેલાં ગુણોને આગળ
કરવાથી જ જીવરાશિ પ્રત્યે મૈત્રીભાવ સાધી શકાય છે.
મૈત્રી = સ્નેહપરિણામ, દ્વેષ તેને શોષી નાંખે છે.

એ નિયમ છે કે : 'દ્વેષી ગુણાન્ ન પશ્યતિ ।'
ગુણોને ન જોનાર અને દોષને જ જોનાર દ્વેષી બને છે.
દ્વેષીમાં મૈત્રીભાવ ટકતો નથી.

'મિત્તી મે સવ્વ ભૂએસુ' એ ભાવ તો જ ટકે કે
જીવમાત્રમાં રહેલ ગુણોને જોવામાં આવે.

એ ગુણ એ વચનને આધારે કરવાથી જોઈ શકાય કે :
'અક્ષરનો અનંતમો ભાગ જીવમાત્રમાં નિત્ય ઉઘાડો હોય.'

અને એ રીતે જોનાર સાધક જ
મૈત્રીભાવથી ગુણદૃષ્ટિ વડે જીવમાત્રનો આરાધક બને છે.
દોષ જોવાથી દોષ અને ગુણ જોવાથી ગુણ આવે છે.

જીવમાત્રમાં પ્રચ્છન્નપણે રહેલાં કેવળજ્ઞાન આદિ ગુણોને
ભગવાન પોતાના જ્ઞાનના બળથી જોઈ શકે છે, તેથી જ
તેમનામાં રહેલો જીવો પ્રત્યેનો સ્નેહભાવ સુકાતો નથી.
સ્નેહભાવને શોષવનાર દ્વેષરૂપી દાવાનળને મૂળમાંથી
કાઢવા દોષદૃષ્ટિને દૂર કરી ગુણદૃષ્ટિ કેળવવી જોઈએ.

જો સુખ ચાહતા હો, તો દુઃખનું ચિન્તન છોડી દો.

## સ્યાદ્વાદ દૃષ્ટિ અર્થાત્...

મૈત્રી, મુદિતા, કરુણા અને મધ્યસ્થતાના સર્જન ભાવો.

જ્યારે ધર્મ અંતરમાં પરિણમે છે, ત્યારે સ્યાદ્વાદદૃષ્ટિ સર્જનપણે હોય. તે અને કરુણા સાથે જ ચાલે છે. સૂક્ષ્મ સમજણ અને સહિષ્ણુતા એ સ્યાદ્વાદદૃષ્ટિના મૂળ છે અને મૈત્રી - મુદિતાદિ ગુણો તેનાં મધુર ફળ છે.

### ૪ ભાવનાનું સ્વરૂપ

સામી વ્યક્તિના વિચારો = મારાં મંતવ્યો = મૈત્રીભાવના. તેમાં જે આચાર - વિચારનું ચઢીયાતાપણું હોય ત્યાં મુદિતા, જ્યાં બે માનવ વચ્ચે ગેરસમજ છે ત્યાં કરુણા અને જ્યાં વિચારની વિકૃતિ છે ત્યાં માધ્યસ્થ્યભાવના રાખવી. તે તે પરિસ્થિતિમાં આપણા જાતને મૂકવાથી મૈત્રી, મુદિતા, કરુણા, માધ્યસ્થ્ય ભાવો ઊભા પરિવર્તન શક્ય છે. આધ્યાત્મિક વિભાગમાં રહેલી ખોટી માન્યતારૂપી દર્દો દૂર કરવાનો પ્રયત્ન દરેક સજ્જનોએ કરવો રહ્યો તથા એનું જ નામ મૈત્રી, મુદિતાદિ મનોવૈજ્ઞાનિક આલિંગન છે.

## કરુણાના 3 પ્રકાર

ઈશકરુણામાંથી ભક્તિનો જન્મ થાય છે.

લોકકરુણામાંથી નીતિનો જન્મ થાય છે.

આત્મકરુણામાંથી અધ્યાત્મનો જન્મ થાય છે.

વિદ્યા સાથે કરુણા જોડાયેલી હોય, તો જ ગુણકારી થાય.

દુનિયામાં જે કરુણ ઘટનાઓ છે, તેમાં સૌથી કરુણ ઘટના આપણા જીવનના વિષે રહેલું આપણું અજ્ઞાન છે.

વિશ્વ - શાશ્વતકાળ પણ આપણા વર્તમાનમાં વસ્યો છે.

'દુનિયામાં શૂર, પંડિત, ધનાઢ્ય તથા દાતાર ઘણાં હોય, પરંતુ દુઃખીઓનું દુઃખ જોઈને જેનું મન કરુણા વડે દ્રવિત થાય, તેવા સત્પુરુષો વિરલ હોય.' - હેમચંદ્રસૂરિજી

ધર્મનું પ્રત્યેક સત્ય વિશ્વપ્રેમ, વિશ્વમૈત્રી અને વિશ્વકરુણાની પુષ્ટિ માટે છે.

'ખરેખર! ઈશ્વર તો પ્રેમ અને કરુણાના સાગર છે. એના પ્રતિ જીવનના હૈયાંના દ્વાર ખોલનાર સહુ ઉપર એ કરુણાની ધારા વહાવે જ છે.' - સ્વામી રામદાસ

જીવમાત્ર સાથે મૈત્રી કે વીતરાગતાનો ભાવ આવ્યાં વિના રાગ-દ્વેષાદિ કષાયોનો નિર્મૂળ નાશ અશક્ય છે. ભગવાનનાં દર્શન કરતી વખતે સંઘ વતી 'સંઘકલ્યાણ-આત્માનું કલ્યાણ કરો,' એવો ભાવ રહેવો જોઈએ.

જીવમૈત્રી અને જિનભક્તિ પરસ્પર પૂરક છે. જિનેશ્વર દેવ ઉપર ભક્તિભાવ આવે, તો જીવમૈત્રીનો ભાવ જાગે અને જો સૌમાં જીવમૈત્રીનો ભાવ જાગે, તો આ જિનેશ્વર પરમાત્મા ઉપર અંતરંગ ભક્તિભાવ જાગે.

છેલ્લાં ૫૦૦૦ વર્ષમાં મનુષ્ય જાતિએ ૧૫૦૦૦ યુદ્ધો લડ્યાં છે. લડાઈ બંધ રહે છે, ત્યારે પણ લડાઈની તૈયારી તો ચાલતી જ રહે છે. તે સંઘર્ષ મટે કેવી રીતે?

તે માટે ઉપરના મનમાં જે પ્રકાશ છે,
તે અર્ધચેતન અને અચેતન મનમાં ભરાઈ જવો જોઈએ. Awareness અથવા જાગરૂકતાનો દીવો પ્રકટાવીને બાહ્યમનને બદલવા માટે આંતરમનને બદલવું જોઈએ,
તે માટેનો ઉપાય છે: જીવમૈત્રી.

વીતરાગભાવ, સમતાભાવ, સંતોષભાવ - એ
જ પારમાર્થિક શરણ છે તથા મૈત્રીભાવ, પ્રમોદભાવ
અને કરુણાભાવ એ જ વાસ્તવિક શરણ છે.
સાધુનું શરણ એ મૈત્રીભાવનું શરણ છે, સિદ્ધનું શરણ
એ સંતોષભાવ - સમતાભાવ - વીતરાગભાવનું શરણ છે,
અરિહંતનું શરણ એ પ્રમોદભાવનું શરણ છે અને
ધર્મનું શરણ એ કરુણાભાવનું શરણ છે.
અંતિમ આરાધનાના ૧૦ ઉપાયમાં પહેલું મૈત્રી છે:
પોતાના પાપ પ્રત્યે કરુણા અને બીજાના પાપ પ્રત્યે
માધ્યસ્થ્ય એ જ રીતે પરના ગુણ પ્રત્યે
મુદિતા અને પ્રમોદ છે અને તે મૈત્રીનું ફળ છે.
જીવનની દરેક પળને અનંતની જોડે સંબંધ છે.
તીર્થંકરોની અનંત કરુણા જ વિશ્વવ્યવસ્થાનું કારણ છે.
મૈત્રી આદિ ભાવો ધર્મધ્યાન સ્વરૂપ છે.
જાતિગત એકતાના ભાવનું સંરક્ષણ
મૈત્રી આદિ ભાવોથી થાય છે, તેથી તે ધર્મધ્યાનરૂપ છે.

વિસ્મય, પુલક અને પ્રમોદ -

એ સદ્વસ્તુની પ્રાપ્તિના હર્ષના સૂચક છે.

એ હર્ષને ઉત્પન્ન કરનાર ભવભ્રમણનો ભય છે.
ભવનો ભય જેટલો તીવ્ર, તેટલી ભાવની વૃદ્ધિ અધિક
અને ભાવની વૃદ્ધિ જેટલી અધિક,
તેટલી આરાધનામાં સાવધાનતા અને સક્રિયતા અધિક.
એ રીતે અમૃતક્રિયાનાં બધાં લક્ષણો
નવકારની આરાધનામાં ઘટી જાય છે તથા એ પ્રેમ
વિસ્મય, પુલક અને પ્રમોદ વડે અભિવ્યક્ત થાય છે.
ક્ષમા અને મૈત્ર્યાદિ દુષ્કૃતગર્હા થાય છે.

પંચપરમેષ્ઠિ અને ચાર ભાવના

સર્વ જીવમાં રહેલ મૈત્રીનો અંશ તે સાધુ પરમેષ્ઠિ,
પ્રમોદ અંશ તે ઉપાધ્યાય પરમેષ્ઠિ,
કરુણા અંશ તે આચાર્ય પરમેષ્ઠિ,
માધ્યસ્થ્ય અંશ તે સિદ્ધ પરમેષ્ઠિ,
ચારે ભાવ તે અરિહંત પરમેષ્ઠિ.

મૈત્રી, પ્રમોદાદિ ભાવોને we must live into our consciousness.

દર્શનપ્રાપ્તિ - દર્શનવિશુદ્ધિમાં આ ગુણો અનિવાર્ય છે.
દર્શનની faculty જગાડવામાં આ ગુણો અનિવાર્યપણે આવશ્યક છે, સહાયક છે. મૈત્ર્યાદિ અને પ્રમોદાદિભાવો પાયાના ગુણો છે. આ વાતની સૂક્ષ્મ સમજણ પછી જ અધ્યાત્મમાર્ગની ઝાંખી શક્ય બને છે.

પ્રભુની આજ્ઞા, ગુરુની સેવા અને જીવોની મૈત્રી, - એ ત્રણ વસ્તુ માટે ભગવાન પાસે નિરંતર પ્રાર્થના કરવાથી સર્વ ઈચ્છિતની સિદ્ધિ થાય છે.

જીવને સહવા માટે મૈત્રી, સુખને સહવા માટે વિરક્તિ અને દુઃખને સહવા માટે જ્ઞાન આવશ્યક છે.

વૈરાગ્યના સૌ પ્રથમ ચાર પાયા છે:
મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા.

ક્ષમાપનાથી મૈત્રીભાવ દૃઢ થાય છે, કારણ કે ક્ષમાપના એ વેરભાવનો નાશ કરે છે.

નવકારનું સ્મરણ પણ યથાર્થ ફળ ક્યારે આપે?

ચાર ભાવનાઓ સહિત હોય તો જ.

વિધિના રાગથી અવિધિનો દોષ ટળે પણ
મૈત્ર્યાદિ ભાવ ન હોય તો તે અનુષ્ઠાનનો કોઈ બચાવ નથી.

શુભ પરિણામ મૈત્ર્યાદિ ભાવોને ઉછેરનાર છે.

ઔદાર્યાદિ લિંગવાળાને ધર્મ પ્રાપ્ત થતાં જ વિષય-
તૃષ્ણાદિનો અભાવ તથા મૈત્ર્યાદિનો સદ્ભાવ થાય છે.

સમ્યક્ત્વનાં પાંચ લિંગ છે, પાંચ દૂષણ છે અને પાંચ
ભૂષણ છે, તે સૌ મૈત્ર્યાદિ ચાર ભાવવાળામાં ઘટે છે.

ભાવધર્મ જ્યારે મૈત્ર્યાદિ ભાવરૂપ હોય છે,
ત્યારે તે વ્યવહારથી ભાવધર્મ છે.

'સર્વનું હિત થાઓ' એવી મતિ પણ ક્ષયોપશમરૂપ છે.

ક્ષાયિકભાવમાં સાક્ષાત્ જ્ઞાન હોવાથી
જ્ઞાનના સાધનરૂપ વિચાર નથી, તેથી કરુણામાં બાધ નથી.

વૈરાગ્યની જડ, ગુરુપૂજનનું મૂળ અને
સાધકના શીલનું કારણ દયા - કરુણા છે.

## જયવંતા પ્રવર્તો જગો સાર્થક અદ્વૈત.

જ્યાં દ્વૈત ત્યાં ભય, જ્યાં અદ્વૈત ત્યાં અભય.
જ્યાં દ્વૈત ત્યાં દ્વેષ, જ્યાં અદ્વૈત ત્યાં અદ્વેષ.
જ્યાં દ્વૈત ત્યાં ખેદ, જ્યાં અદ્વૈત ત્યાં અખેદ.

માળી જેટલું પ્રેમ અને કરુણાનું
પોતાનું જળ બાગ ઉપર સીંચે,
તેટલું જ તે બાગનું જગ ખીલીને સુખી બને છે.
જે માળી બાગમાં રસ લેતો નથી અને માત્ર પોતાનું
જ સંભાળવામાં માને છે, તે ખરેખર સુખી થઈ શકતો નથી,
કિન્તુ એક સુકાયેલા વૃક્ષ જેવો સાવ સુકો થઈ જાય છે.

o

## The 4 sustainers of dharma

કષ - મૈત્રી - Friendship - આનંદ
છેદ - પ્રમોદ - Appreciation - પ્રસન્નતા
તાપ - કરુણા - Sympathy - કોમળતા
તાડન - માધ્યસ્થ - Indifference - સૌમ્યતા.

ચિત્તના આઠ દોષ: Dt. 11-7-68

(૧) ખેદ (૨) ઉદ્વેગ (૩) ક્ષેપ (૪) ઉત્થાન
(૫) ભ્રમ (૬) અન્યમુદ્ (૭) રોગ (૮) આસંગ.

ચિત્તના આઠ દોષને જીતવાના ઉપાયોમાં ૪ ભાવના:

શાંત - ક્રોધાદિનો અભાવ - શમરૂપ
ઉદાત્ત - પરહિતચિંતાનો ભાવ - સંતોષ
સદ્ભાવ - વૈર, ઈર્ષ્યા અસૂયાદિનો અભાવ - મૈત્રી
ભાવપરિસ્થિતિ - ત્રીજું કારણ મૈત્રી - પ્રમોદાદિનો અભાવ.

ચિત્તના ત્રણ ધર્મ

માધુર્ય = માખણની જેમ પીગળી જવું.
ઓજસ = ઈંધણની જેમ સળગી જવું.
પ્રસાદ = છાશની જેમ વ્યાપી જવું.

સામાયિકનો પરિણામ બહુ મધુર છે,
ઓજસ્વી છે અને પ્રસાદ - પ્રસન્ન છે.
તે મૈત્રીથી મધુર છે,
માધ્યસ્થ્યથી ઓજસ્વી છે અને પ્રમોદથી પ્રસન્ન છે.

પ્રમોદ વગેરે ચાર ભાવોની ઉત્પત્તિમાં
મૈત્રીનો અભાવ તે પ્રતિબંધક છે.

મૈત્રી ન હોય, તો પ્રમોદાદિ ૩ ભાવો ઉત્પન્ન ન થાય અને મૈત્રી હોય, તો તેની ઉત્પત્તિમાં સુલભતા થાય.

વળી મૈત્રીભાવના પાપપ્રતિઘાતરૂપ છે અને પ્રમોદાદિ ચાર ભાવના ગુણબીજના વપનરૂપ છે. પાપનો પ્રતિઘાત કર્યા વિના ગુણબીજોની વાવણી થઈ શકતી નથી. પાપનાશ થતાં પછી ગુણો આત્માના સ્વરૂપ-ભૂત હોવાથી વિના પ્રયત્ને સ્વયમેવ પ્રગટ થાય છે.

તેથી જ સૌથી પ્રથમ ઉપદેશ મૈત્રીનો છે.

'મને સર્વ જીવો સાથે મૈત્રી હો'

એમ વારંવાર ઉદ્ઘોષણા કરવામાં આવે છે.

કરુણાબુદ્ધિ એ પ્રતિજ્ઞા ધર્મનિર્ભરતાની ભાવના છે.

દીન - હીનને જોઈને હૃદયમાં કરુણા ન વસે,
તો ઘટમાં ધર્મ વસશે નહિ, એમ જાણ.

દ્રવ્ય - ભાવ અનુકંપા ભવોભવ સુખનું નિધાન છે.

## અહિંસા અને કરૂણામાં સહેજ ફેર

અહિંસા = પોતાના નિમિત્તે ન કોઈને દુભાવવું કે દુઃખ પહોંચાડવું. કરૂણા = બીજાના ભલા ખાતર પોતાની જાત કે સર્વસ્વને ઘસી નાંખવામાં આનંદ માનવો તે.

આપણે જીવનમાં અને બીજાને જોવા મળેલી સારી વસ્તુઓની જ નોંધ લેવી જોઈએ, જે કાંઈ સારૂં - સુંદર છે, એના ઉપર જ આપણે ભાર મૂકતાં થવું જોઈએ. જે મળ્યું છે, એ પ્રત્યે આપણે કૃતજ્ઞ રહેવું. દુનિયામાં સૌથી સુખી માણસ આવા કૃતજ્ઞ માણસો જ હોય છે. આપણે બીજાઓ પ્રત્યે સહાનુભૂતિ અને સમજદારી દાખવીએ, તે સારા જીવન માટે અત્યંત મહત્વનું છે. કોઈની મુશ્કેલીઓમાં, તકલીફોમાં આપણે સાથે રહીએ, એમને સમજીએ અને ઉષ્માભરી સહાનુભૂતિ આપીએ, એથી આપણું જીવન પણ મીઠું જ સમૃદ્ધ બને છે તથા પ્રેમ પાંગરે છે, જેમાં સર્જનની શક્તિ છે. સૌ પ્રત્યે મૈત્રી અને બંધુત્વનો ભાવ કેળવવો જોઈએ.

'સમકીત વિના ૯ પૂર્વનું જ્ઞાન પણ અજ્ઞાન છે'
તેનો અર્થ એ છે કે: જ્ઞાનના ફળ રૂપે દયા, કરુણા, સહાનુભૂતિ, સત્કાર, મૈત્રી કે ક્ષમા તેમાં હોતી નથી.

કરુણાદિ ગુણોની અભિવ્યક્તિનું નામ જ સમિતિ-ગુપ્તિ હોવાથી તેનું જ્ઞાન તે જ્ઞાન છે અને તે સમ્યક્ત્વ સહિત છે, એટલે અનુકંપા - વાત્સલ્યાદિ ગુણોથી પણ સહિત છે, માટે તે મોક્ષમાર્ગ બને છે.
મૈત્રી-મુદિતાદિનો ધારણા તથા ધ્યાનમાં જ સમાવેશ છે.
મનની શુદ્ધિ મૈત્રી આદિ ભાવનાઓના આચરણથી થાય.
મનમાં ભાવિત ભાવનાની અભિવ્યક્તિ વિવિધ રીતે થાય:

(૧) મૈત્રીભાવનાથી શુદ્ધ થયેલ મન દ્વારા દ્રવ્યની ઓળખાણ થાય છે.

(૨) પ્રમોદભાવનાથી શુદ્ધ થયેલ મન દ્વારા ગુણની ઓળખાણ થાય છે.

(3) કરુણા અને માધ્યસ્થ્ય વડે શુદ્ધ થયેલ મન દ્વારા પર્યાયની ઓળખાણ થાય છે.

# નવકારના પ્રથમ પદની અર્થભાવના

મૈત્રીની અભિવ્યક્તિ મન દ્વારા થાય છે,
પ્રમોદની અભિવ્યક્તિ વચન દ્વારા થાય છે તથા
માધ્યસ્થ્ય - કરુણાની અભિવ્યક્તિ કાયા દ્વારા થાય છે.
'નમો' પદના ભાવનથી નમ્રતા, કોમળતા, મિત્રતા પ્રગટે છે,
'અરિહં' પદના ભાવનથી પ્રમોદભાવ પ્રગટે છે તથા
'તાણં' પદના ભાવનથી કરુણા અને માધ્યસ્થ્ય પ્રગટે છે.
'નમો' પદ દ્રવ્યની સાથે સંબંધ ધરાવે છે,
તેથી મિત્રતા અને નમ્રતા પ્રગટે છે.
'અરિહં' પદ ગુણની સાથે સંબંધ ધરાવે છે,
તેથી પ્રમોદ અને પ્રશંસા પ્રગટે છે.
'તાણં' પદ પર્યાયની સાથે સંબંધ ધરાવે છે,
તેથી કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવ પ્રગટે છે.
મૈત્રી કષાયને ટાળે છે, પ્રમોદ પ્રમાદને ટાળે છે,
કારુણ્ય અવિરતિને અને માધ્યસ્થ્ય દુર્યોગોને ટાળે છે.
ચારે ભાવના મળીને મિથ્યાત્વનો નાશ કરે છે.

મૈત્રી એ તો ધર્મ પીલવાનું યંત્ર છે.

'નમો અરિહંતાણં' પદના ભાવનથી દ્રવ્ય, ગુણ અને પર્યાયના પરિણામ દ્વારા અને મૈત્ર્યાદિ ૪ ભાવનાઓ વડે શુદ્ધ થયેલ મન - વચન - કાયા દ્વારા તન્મયતા થવાથી દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નત્રયની પ્રાપ્તિ થાય છે.

દુર્ગતિ = ગુણોના તિરોભાવમાં વધારો.

Centre = બિંદુ - માધ્યસ્થભાવ અથવા સામ્યભાવ.
Length & Breadth = આકાશ - મૈત્રીભાવ.
Height = ઊંચાઈ - પ્રમોદભાવ.
Depth = ઊંડાણ - કરુણાભાવ.

આમ આત્મદ્રવ્યની ઊંડાઈ તે કરુણાભાવ છે, ઊંચાઈ તે પ્રમોદભાવ, લંબાઈ - પહોળાઈ તે મૈત્રીભાવ અને બિંદુ અથવા કેન્દ્ર તે માધ્યસ્થભાવ - ઉદાસીનભાવ - સામ્યભાવ - શાંતભાવ છે.

મૈત્રી = આકાશ, પ્રમોદ = મેરુ, કરુણા = સાગર,
માધ્યસ્થ = શૂન્ય = શાંત.

## : ઉપકાર બે પ્રકારે :

દ્રવ્ય ઉપકાર = કોઈને વસ્તુ વિશેષથી સહાય કરવી તે.
ભાવોપકાર = જ્ઞાનાદિ રત્નત્રયની પ્રાપ્તિ કરાવવી તે.

એ બેમાં સરસવ અને મેરૂ જેટલું અંતર છે.
એક ક્ષણભંગુર છે, બીજો શાશ્વત છે.

પરોપકારની જનની કૃતજ્ઞતા છે અને કૃતજ્ઞતાની
ઉત્પાદક બીજાના ઉપકારનો આભાર માનવાની વૃત્તિ છે.
જેના જેનાથી ઉપકાર થયો, થઈ રહ્યો, થવાની શક્યતા છે,
તે સર્વ પ્રત્યે કૃતજ્ઞ રહેવાથી જ પાત્રતા વિકસે છે.
તેથી પાત્રતાનો વિકાસ કરવા નમસ્કાર અનિવાર્ય છે.
કૃતજ્ઞતાથી અહંભાવ અને પરોપકારિતાથી સ્વાર્થભાવ જાય.
અહંભાવ ગયા વિના અને સ્વાર્થભાવ ઓગળ્યા વિના
વિચારના સર્વ પક્ષોને યોગ્ય ન્યાય આપવાની વૃત્તિ ન જાગે.

જેમ જીવત્વની ભૂમિકા નીચી, તેમ સ્વાર્થ વધુ.

જેમ વિકૃત સ્વાર્થ, તેમ માત્ર પોતાના જ સુખની ઇચ્છા,
માત્ર પોતાનું જ દુઃખ દૂર કરવાની વૃત્તિ.

**ભવ્યત્વ પરિપાકના બે ઉપાયો પણ**
**પરાર્થવૃત્તિ અને કૃતજ્ઞતાગુણ જ છે.**

તેથી દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનરૂપ સેવન થાય છે. જેઓ પરાર્થવ્યસન અને કૃતજ્ઞતાગુણના સ્વામી છે, તેઓને જ પોતાના એક આદર્શ માનવા, તેમના જ સત્કાર, આદર, બહુમાનને પોતાના કર્તવ્ય માનવા. પરાર્થવ્યસન અને કૃતજ્ઞતાગુણના સાચા અર્થી જીવોમાં તે બે ગુણની ટોચે પહોંચેલાઓની શરણાગતિ, ભક્તિ, પૂજા, બહુમાન વગેરે સહજપણે આવે છે. એ પરાર્થવ્યસન અને કૃતજ્ઞતાગુણને સાનુબંધ બનાવવા માટેનું સામર્થ્ય જીવમાં પૂરું પાડે છે, વીર્ય વધારે છે, ઉત્સાહ જગાડે છે અને તેમની જેમ પ્રકૃષ્ટતા પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી સાધનામાં સ્થિર થતો રહે છે.

**પરાર્થવ્યસન તાત્ત્વિક ક્યારે બને?**

પરાર્થવ્યસનની સાથે કૃતજ્ઞતાગુણ જોડાયેલો હોય, તો જ તે પરાર્થવ્યસન તાત્ત્વિક બને છે.

## નવકારમાં વિશિષ્ટ રીતે 3 લાભ

નવકારમાં કૃતજ્ઞતા, નિઃસ્પૃહતા અને નિશ્ચિંતતા
ત્રણે લાભ એકસાથે રહેલાં છે.
કૃતજ્ઞતાનો સંબંધ માનવતા સાથે રહેલો છે.
નિઃસ્પૃહતાનો સંબંધ તેજસ્વિતાની સાથે રહેલો છે અને
નિશ્ચિંતતાનો સંબંધ આનંદમયતાની સાથે રહેલો છે.
નમસ્કારલાભ એ જેમ કૃતજ્ઞતાલાભને વિકસાવે છે,
તેમ નિઃસ્પૃહતાલાભને પણ વધારે છે.
કૃતજ્ઞતામાં પોતા પ્રત્યે જેમના ઉપકાર છે, તેનો સ્વીકાર છે,
નિઃસ્પૃહતામાં બીજાના ઉપકાર તળે ન આવવાની મનોવૃત્તિ છે
તથા નિશ્ચિંતતામાં પરમ આસ્તિકતા છે.
જે કૃતજ્ઞ તથા નિઃસ્પૃહ છે,
તેની ચિંતા તે પોતે નહિ પણ સારું યે જગત કરે છે.
હું શુદ્ધ છું માટે કૃતજ્ઞ છું. હું અંશ છું માટે નિઃસ્પૃહ છું.
કૃતઘ્ન મનુષ્ય કૂતરાથી પણ હલકો છે.
કૃતજ્ઞતા એ ધર્મ નહિ પણ કર્તવ્ય છે.

મહાત્મા થવા માટે પ્રથમ કૃતજ્ઞ બનવું જોઈએ.

જેના જેના ઉપકારથી આપણું જીવન ચાલી રહ્યું છે,

તે બધા પ્રત્યે કૃતજ્ઞ રહેવું, એ માનવતા છે.

જેને કૃતજ્ઞતા, નમ્રતા, આદર કે બહુમાનની પરિણતિ નથી,

તે માનવ - માનવ નહિ પણ દાનવ છે,

તે નર - નર નહિ પણ વાનર છે,

તે આત્મા - આત્મા નહિ પણ જડ પાષાણ છે.

ધર્મ પ્રત્યે કૃતજ્ઞતા બતાવનાર, ધર્મને કહેનાર, કરનાર,

આલંબન પૂરું પાડનાર સર્વ પ્રત્યે નમ્ર - નમનશીલ રહે છે.

નવકારમાં કૃતજ્ઞતા, નિઃસ્પૃહતા, આનંદમયતા રહેલી છે.

નમસ્કારભાવ માટે પ્રથમ તો એ ભાન થવું જોઈએ કે:

'હું ક્ષુદ્ર છું,

મારા વિના જગત ચાલશે, જગત વિના મારે નહિ ચાલે.

આ જગતમાં મારી કોઈને જરૂર નથી, મારે સૌની છે.'

નમસ્કારભાવ માટે બીજું ભાન એ થવું જોઈએ કે:

'મારે કશું જોઈતું નથી, બીજાની કૃપાથી તો કશું જ નહિ.'

મૈત્રીભાવનું સ્થૂળ કે ભૌતિક રૂપ પરોપકાર છે.
ઉપકાર ઉપર અપકાર કરે તે વાઘ-વરૂથી પણ હલકા ગણાય.
કૃતજ્ઞતાથી મન કોમળ, કદરદાન અને નીતિમાન રહે છે.
તેથી ઉચ્ચ ગુણો પામવાની ભૂમિકા પણ તૈયાર થાય છે.
પ્રકૃતિના હર રૂપમાં કુદરત કૃતજ્ઞ છે.
ખેતી પાક આપે છે, કૂવો પાણી આપે છે,
પાણી વિદ્યુત આપે છે વગેરે વગેરે.
વિશ્વની વ્યવસ્થા જ પરોપકારાર્થે છે.
સૂર્ય, ચંદ્ર, મેઘ પૃથ્વી, પર્વત, નદી, વૃક્ષ પરાર્થ જીવે છે.
પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ ઇત્યાદિ
ભૂત - ભૌતિક પદાર્થો પરાર્થે અસ્તિત્વ ધરાવે છે.
ખેતરનો ચાડીયો, ધાન્યની રાખ,
શાકુંભે તરણું અને માંજવાની ધૂળ પણ ઉપકાર કરે છે.
જીવનોપયોગી ઉપકાર એ દ્રવ્યોપકાર છે.
ભાવોપકાર ધર્મદાન છે. સામાને કષાય ન વધે, મોહ ન થાય,
બુદ્ધિ સ્વાત્મનિયંત્રણ એ પણ ભાવોપકાર છે.

ધર્મરત્નને યોગ્ય ભદ્રક પરિણતિના ૮ ગુણ

અક્ષુદ્રતા, મધ્યસ્થતા, પ્રકૃતિસૌમ્યતા, અક્રૂરતા,
દયાળુતા, દાક્ષિણ્યતા, વૃદ્ધાનુસારિતા, વિનીતતા.

વિશેષ નિપુણમતિના ૬ ગુણ

પંચેન્દ્રિયપટુતા, દીર્ઘદર્શિતા, વિશેષજ્ઞતા,
કૃતજ્ઞતા, પરહિતાર્થકારિતા, લબ્ધલક્ષ્યતા.

ન્યાયમાર્ગરતિના ૫ ગુણ

અશઠતા, ભીરુતા, લજ્જાળુતા, ગુણરાગીતા, સત્કથનતા.

દૃઢ નિજ વચનસ્થિતિના ૨ ગુણ

સુપક્ષયુક્તતા અને જનપ્રિયતા.

નમસ્કારનો ભાવ સર્વ પાપનો નાશ કરે છે, પરન્તુ
એ ભાવ ઉત્પન્ન થાય છે શેમાંથી ?
કૃતજ્ઞતાભાવમાંથી. એ કૃતજ્ઞતાભાવ શેમાંથી ઉપજે છે?
બીજાએ કરેલા ઉપકારના સ્મરણમાંથી.
એ ઉપકાર કરવાની શક્તિ બીજામાં રહેલી છે કે કેમ?
એ નિર્ણયના આધારે જ કૃતજ્ઞતા અને નમ્રતા વિકસી શકે.

પ્રેમ આપશો તો સો ગુણો પ્રેમ મેળવશો.

કુદરતનો નિયમ છે કે એક દાણો વાવો - સો દાણા મેળવો.
દાન દેવાય છે, તે ફેંકી દેવાતું નથી પણ વાવણી થાય છે.
સમગ્ર શાસ્ત્રોનો સાર ચૈતન્યની મૈત્રીમાં રહેલો છે.
એટલે જ કહ્યું છે કે:
'પ્રેમને વાવો અને કૃતજ્ઞતાને લણો.'

કોઈ મનુષ્ય આજના ભારથી તૂટી ગયો હોય એવું જાણ્યું નથી.
જ્યારે આવતી કાલનો ભાર આજમાં ઉમેરાય છે,
ત્યારે જ માનવ સહી શકે તે કરતાં બોજો વધી જાય છે.

आत्मार्थं जीवलोकेऽस्मिन् को न जीवति मानव !
परं परोपकारार्थं यो जीवति स जीवति ॥१॥ અર્થાત્:
હે માનવ ! આ દુનિયામાં પોતાની માટે કોણ જીવતું નથી ?
બીજાના ઉપકાર માટે જે જીવે છે, તે જ ખરેખર જીવે છે.
જેનાથી ઉપકાર થાય તેને નમવું, એ તો માનવ મનનું
અંતિમ ફળ છે. સૌથી અધિક ઉપકાર પ્રભુના નામથી થાય
છે, માટે પ્રભુને નમવું, એ મહદ્ અને પ્રધાન કર્તવ્ય છે.

## પરોપકારનો નિયમ

પરના કાર્યમાં તત્પર સજ્જનો સ્વના કાર્યની પરવા ન કરે.

જેમ ચંદ્ર પોતાના પ્રકાશથી વિશ્વને શ્વેત બનાવે છે...
પણ પોતાના કલંકને દૂર કરતો નથી, તેમ મહાપુરુષો
પણ જેને જેને દુઃખી જુએ છે, તેની ચિંતા સેવે છે.
જ્યાં સુધી તેને દૂર ન કરે, ત્યાં સુધી તેમને સુખ થતું નથી.

પરોપકાર માટે જ વૃક્ષો સૂર્યનો તાપ સહે છે,
સૂર્ય નભનું ઉલ્લંઘન કરી ખેદ પામે છે,
V.V. Imp. નાવ દરિયાના તોફાન સહે છે અને
કાચબો પૃથ્વીના ભારને ઉપાડે છે.

કપાસ પણ અન્યને ઢાંકવા માટે કેટલું દુઃખ વેઠે છે ને?
નદીઓ પોતે પાણી પીતી નથી, વૃક્ષો ફળ ખાતાં નથી,
વાદળા પોતે ધાન્યનું ભક્ષણ કરતાં નથી,
તેઓનો પ્રયાસ તો માત્ર પરોપકારને માટે જ હોય છે.

આ વિનમ્રતા જ સજ્જનોની માતા છે.
કૃતજ્ઞતા, વિનીતતા અને નમ્રતા - ત્રણે સાર્થક છે.

ભગવાનને નમવાથી 'તેમણે કહેલાં તત્ત્વો મને પ્રમાણ છે'
એવી રુચિ દૃઢ થાય છે અને એ તત્ત્વોને કહેનાર પ્રત્યે
કૃતજ્ઞતાભાવ આવિર્ભાવ પામે છે.

કૃતજ્ઞભાવ હોય, ત્યાં અરિહંત યાદ આવે જ.

કઠોરભાવ હોય, ત્યાં અરિહંત યાદ ન આવે.

સદ્ભાવ ન હોવો, એના જેવું બીજું કોઈ દારિદ્ર્ય નથી.

કૃતજ્ઞતા અને પરોપકારિતા - બે માનવતાનાં મૂળ છે.

પરોપકારના પ્રબળ વિચારોના પ્રબળ નિમિત્તો બે છે:
પરહિતચિંતાની વૃત્તિ અને પરોપકારની પ્રવૃત્તિ.

પરોપકારિતા, ઉદારતા, સહિષ્ણુતા, સરળતા, મધુરતા,
ગંભીરતા, વત્સલતા અને આર્જવતા આવશ્યક ગુણો છે.

જગતમાં એક માનવ તરીકે જન્મ્યાં પછી કોઈના યે ખપમાં
આવી શકીએ નહીં, તો પછી આપણું જીવવું શા કામનું?

દુઃખ ચારે ગતિમાં છે, કિન્તુ દુઃખ નિવારણનો ઉપાય
માત્ર ને માત્ર મનુષ્યગતિમાં છે, તેથી તે સર્વોત્તમ છે.

પ્રમાદ ટાળવા દાન, દયા, પરોપકારાદિ પ્રવૃત્તિઓ જોઈએ.

# ઊંચામાં ઊંચુ ધ્યેય - પરોપકાર

હૃદયવાળા કે પ્રેમવાળાનો સંગ કરો, તો નિરોગી રહેશો.

વિકૃત અને સ્વાર્થનાં પુતળાં બનીને પોતાના
દુઃખનાં રોદણાં રડો તથા 'તમારા સુખને માટે દુનિયા
કશું યે કરતી નથી' એવી ફરિયાદ કરો, તેના કરતાં
પ્રકૃતિનું એક બળ બનીને જીવવું, એ જ જીવનનો
સાચામાં સાચો આનંદ છે, ઊંચામાં ઊંચુ ધ્યેય બને છે.
'સ્વધર્મ' એટલે પોતાનું સ્વતંત્ર કર્તવ્ય, તે દરેક મનુષ્યનું
જુદું જુદું હોય છે. વ્યક્તિનો વિશિષ્ટ ગુણ, વિશેષ કાળ અને
વિશિષ્ટ પરિસ્થિતિ વિશિષ્ટ ધર્મ અથવા કર્તવ્યને માંગે છે.
જેને પહેલું તમે જીવનનું ઉદાત્ત ધ્યેય સમજતા હો, તેને
જીવન સમર્પી દેવું. ઉકરડા ઉપર તમને ફેંકી દેવામાં
આવે, તે પહેલાં તમારી જાતને પૂરેપૂરી ઘસી નાંખવી.

સ્વધર્મનું વિસ્મરણ (પ્રમાદ) એ મરણ છે અને
સ્વધર્મનું અવિસ્મરણ (અપ્રમાદ) એ અમૃત છે.
એ સ્વધર્મના પાલન વડે જ પરોપકાર થઈ શકે છે.

આભારની ભાવના કૃતજ્ઞતાને વધારે ક્રિયાશીલ કરે છે.
એનાથી આનંદ વધે છે, શ્રદ્ધા ઘડાય છે તથા
વળી વધારાનાં માંગલ્યદ્વારો ખુલ્લાં ખૂલે છે.
કર્મનો નિયમ સંવાદિતાનો નિયમ છે.
સંવાદિતાથી મન, શરીર અને સમગ્ર જીવનને આવરી
લેતું માંગલ્યનું એક અસીમ વર્તુળ ગતિશીલ થાય છે.
અકૃતજ્ઞતા, કદરહીનતા અને ફરિયાદી વૃત્તિ ઈશ્વરના
માંગલ્યનો સ્વીકાર કરવા દેતાં નથી, એથી મનના દ્વાર
બંધ થઈ જાય છે, આશિષ-ભેટ બહાર રહી જાય છે.
આભારની ભાવના સૌને ઈશ્વર સાથે એકરૂપ બનાવે છે.
એ એકતાને લીધે આપણે ઈશ્વર અને સર્વ માંગલ્ય
સાથે એકરૂપ બનીએ છીએ. તમારા મનના વિચાર, હૃદયની
ભાવના, મુખની વાણી, શરીરનું પ્રત્યેક અંગ, જીવનનો
અણુ એ અણુ આભારના વૃંદગાનમાં જોડાઈ જવો જોઈએ.
ઉપહારનય એ સંકલ્પની ક્રિયા છે અને
શુદ્ધ ઉપહાર એ નમ્રતા અને કૃતજ્ઞતાનો સૂચક છે.

નમ્રતાનું મૂળ કૃતજ્ઞતા છે અને ફળ પરોપકાર છે.

નામસ્મરણાદિ સર્વ પ્રધાન અને સર્વાધિક અપેક્ષા નમ્રતા પ્રાપ્તિની છે. 'નામ' શબ્દ પોતે જ તે કહી જણાવે છે કે: 'હે નમ્રતાના દેવ! તારી પોતાની નમ્રતા તું આમને આપ!' અહીં ભગવાનને ત્રિભુવનના વાસી, ગોલોકેશ, વૈકુંઠના નિવાસી ન કહેતાં પરમશૂન્યનિરહંકાર નમ્રતાના સ્વામી કહ્યાં.

નમ્રતાના દેવ એટલે...

નમ્રતાગુણની પરાકાષ્ઠાએ પહોંચેલા દેવ.

નમ્રતા એક ગુણ હોય, તો તે ગુણની પરાકાષ્ઠા પણ હોવી જોઈએ અને તે જ્યાં હોય, ત્યાં ભગવાન કહેવાય.

નમ્રતાગુણની પરાકાષ્ઠા = શૂન્યાતિશૂન્ય નિરહંકારભાવ.

કૃતજ્ઞતા ભાવનાં સ્વામી સ્વયં ભગવાન જ છે.

પૂર્ણિમાનો ચંદ્ર પોતે પ્રકાશે છે, પરન્તુ તે તારલાઓને ઝાંખા કરે છે, માટે ક્ષય પામતો જાય છે.

અમાસનો ચંદ્રમા શૂન્યવત્ બની તારલાઓને પ્રકાશવા દે છે, માટે પ્રતિદિન વૃદ્ધિની કળાને પામે, તે પરોપકારનું ફળ છે.

જેનાથી સૃષ્ટિની ઉત્પત્તિ છે, તેવા પંચમહાભૂતો પણ
પરાર્થે - જીવમાત્રના પોષણ નિમિત્તે જ નિર્માયા છે.

આકાશ કદી કોઈપણ જીવને પોતામાં અવકાશ
આપવા આનાકાની કરતું નથી.

પૃથ્વી કોઈપણને આશ્રય આપવા કદી ઇન્કાર કરતી નથી.

વાયુ-જળ-અગ્નિ પણ સમગ્ર જડ-ચેતન સૃષ્ટિને એકસરખા
ગણી તેમના કલ્યાણાર્થે નિસર્ગના નિયમો મુજબ ચાલે છે.

પંચમહાભૂતોથી નિર્મિત માનવ-શરીરના જડ અંગો જેવા કે:
દાંત, જીભ, ત્વચા, નાક, કાન, આંખો, હાથ, પગ આદિ અવયવો
માત્ર મનુષ્યના હિત માટે જ પોતપોતાનું કર્તવ્ય કરે છે પણ
તે અંગો પોતાનો લાભ કદી જોતાં નથી.

એ જ મહાભૂતો દ્વારા પ્રાણીમાત્રના પોષણ અર્થે અનેક
પ્રકારની વનસ્પતિ, ધાન્ય, ફળફળાદિ ઉત્પન્ન થાય છે,
જે પ્રાણીઓના નિર્વાહ માટે ઉપયોગી થાય છે.

તેમની મદદથી ગાયો આદિ પ્રાણીઓમાં દૂધ નિર્માણ થાય છે,
જે માનવજાતિના ઉપયોગમાં આવે છે.

તેના સંતાનો વૃષભાદિ ટાઢ - તડકો વેઠી, ભાર વહન કરે. અનાજ ફળફળાદિ પેદા કરે, છતાં પોતે કેવળ ઘાસ પર રહી માનવજાતિ અને અન્ય પ્રાણીઓની સેવા કરે છે. આમ પંચભૂતો માંડી જડ - ચેતન સૃષ્ટિ પરાર્થે જીવે છે. છતાં જે મનુષ્યો અન્ય પ્રાણીઓ પ્રત્યે અત્યાચાર કરે, ખોરાક કે સ્વાદ માટે પ્રાણીઓની હિંસા કરે, એ મહાપાપ છે.

સ્વનું વિસ્મરણ, સર્વનું સ્મરણ તથા આત્મામાં રમણ- એ અનુક્રમે શાંતિ, તુષ્ટિ અને પુષ્ટિને કરનાર છે.

શાંતિથી આર્તરૌદ્ર ધ્યાન જાય છે,
તુષ્ટિથી ધર્મ તથા શુક્લધ્યાન પોષાય છે અને
પુષ્ટિથી પરમાત્માનું આત્મામાં એકીકરણ થાય છે.

લોકોત્તર તત્ત્વની ૪ શરત

(૧) આગમવચન પરિણતિ (૨) ૧૦ સંજ્ઞા વિષ્કંભણ
(૩) પરહિતરક્તતા (૪) ગંભીરોદાર ચિત્તતા.

પરોપકાર અને સમતાથી તુચ્છ સ્વાર્થવૃત્તિ અટકે છે, તેથી લોકોત્તર અનુષ્ઠાનમાં ખેદાદિ દોષો ઉભા થતાં નથી.

## મેં અનુભવ્યું છે કે...

પરોપકાર અને દયાના કાર્યથી મળતાં આનંદ જેવો
ઉચ્ચ પ્રકારનો આનંદ આ સંસારે બીજો કોઈપણ નથી.
અપકારી ઉપર ઉપકાર કરવો, એ સર્વોત્કૃષ્ટ ઉદારતા છે.
દરેક મનુષ્ય ઉપકાર કરનાર તેમ જ ઉપકાર લેનાર છે જ.

## મને સમજાયું છે કે...

ઉપકાર કરવાનો પ્રસંગ આપવા બદલ આપણે સૌએ
સામાનો ઉપકાર માનવો જ જોઈએ અને
તે કાર્ય બદલ તે પણ આપણો આભાર માની શકે છે.
જીવનનું મૂલ્ય સ્નેહથી અંકાય - સ્નેહ તેનાં કાર્યોથી જણાય.
જે આપણા ઉપર અપકાર કરે,
તેમને ધિક્કારવાના પાપથી બચવાનો એક જ માર્ગ છે:
અને તે માર્ગ છે તેમનું ભલું કરવાનો.
ભલમનસાઈથી ક્રોધને પણ સારી રીતે જીતી શકાય છે.
સ્વાર્થ એ આપણામાં રહેલી પાશવવૃત્તિનું ચિહ્ન છે.
પરાર્થની સાથે જ ખરું મનુષ્યત્વ પ્રાપ્ત થાય છે.

જે ગરીબોને આપણે આપીએ છીએ,
તેઓ પૃથ્વી ઉપરથી સ્વર્ગમાં આપણા માલને લઈ જનાર
ટેલમ્રી કે મજૂર સિવાય બીજું શું છે?

જે જે મનુષ્યો જગત પાસેથી કંઈ લે છે, તેને નહિ પણ
જેઓ જગતને પોતાનાથી બને તેટલું આપીને જાય છે,
તેને જ આપણે સૌ પૂજીએ છીએ.

પાંગળાના પગ - આંધળાની આંખ - ઠૂંઠાના હાથ બનીએ.

જગતને ચાહનાર માટે આ જગત વિશાળ છે, કિન્તુ
જે જગતને ધિક્કારે છે, તેને માટે નહિ જ.

સ્નેહરાગમાં માગણી છે, સ્નેહભક્તિમાં લાગણી છે.

સૂર્ય તેની ઊંચાઈ ખાતર નહિ, પરન્તુ
તેના સ્નેહથી કરાતાં ભલાની ખાતર પૂજાય છે.

સ્નેહ એ મહાન ગુરુ છે, તે પથ્થરમાંથી પણ દેવ બનાવી શકે.

સાચો સ્નેહ નમ્ર છે. દુઃખી કે દુઃખને સહાય ન આપવી, એ
આપણને સુખ આપનાર પ્રત્યે એક પ્રકારની કૃતઘ્નતા છે.

જે સદ્‌જીવન ગાળે છે, તે જ શ્રેષ્ઠ ધર્મોપદેશક છે.

પરાપકારની બુદ્ધિ હિંસા છે, તેથી તે સંસારની સર્જક છે,

પરોપકારની બુદ્ધિ અહિંસા છે, તેથી તે મોક્ષની સર્જક છે.

પરાપકારની બુદ્ધિ સહજમલના દોષથી થાય છે, તેથી
પરદ્રવ્ય કર્મનો સંબંધ થાય છે.

પરોપકારની બુદ્ધિ ભવ્યત્વ ગુણથી થાય છે, તેથી
પરદ્રવ્યના સંબંધથી જીવ મુક્ત થાય છે,

સાધનાને બળે અંતરમાં જાગી ઉઠેલા
કરુણા અને મૈત્રીની ભાવનાનો અમલ કરી બતાવનારી
આંતરિક શક્તિ અને ગુણવિભૂતિ
તે અહિંસા અને અમારિની ભાવના છે, જેનું ધ્યેય છે:
પોતાના નિમિત્તે બીજાને દુઃખ ન પહોંચાડવું અને
બીજાના સુખ તથા સંકટ નિવારણ માટે
તન - મન - ધન બધી રીતે ઘસાવું, તે પરોપકાર છે.

જીવનમાં આપણને જે કાંઈ મળે,
તે માટે આપણામાં કૃતજ્ઞતા હોવી જોઈએ.
કૃતજ્ઞતા ન હોય, તે પ્રાપ્તસુખને ય ન અનુભવી શકે.

શુભ ભાવની નકશામાં ૪ રંગોનો સુમેળ જોઈએ:
મૈત્રી, મુદિતા, કરુણા અને કૃતજ્ઞતા.
એનાથી વિપરીત સ્થિતિ તે અશુભભાવ છે.
વેર - વિરોધ મૈત્રીથી, ક્રૂરતા - કઠોરતા કરુણાથી,
વિષાદ, સંતાપ, ચિન્તા, શોક મુદિતાથી અને
અકૃતજ્ઞતા એ કૃતજ્ઞતાથી વિપરીત છે.
જેટલા ઊંચે ચઢવું હોય, તેટલા હલકા બનવું જોઈએ.
ઉદાસીનતાનો બોજ નીચે મૂકી દેવાથી પ્રસન્નતા પ્રગટશે.
આ સદીમાં જો કાંઈ ખોવાઈ ગયું હોય, તો તે કૃતજ્ઞતા છે.
આ નાનું સરખું શરીર પણ એક અજાયબ ઘર જ છે.
વૈજ્ઞાનિકોએ મોટાં મોટાં કારખાનાઓ ઊભા કર્યા પણ
એકેયમાં રોટલી કે ભાતનું લોહી અને માંસ બનાવવાની
તાકાત નથી. આવડા નાના શરીરમાં આ ચમત્કાર થાય છે.
આવા અજાયબ શરીર પ્રત્યે કૃતજ્ઞ છો?
પૂર્વજોનો જે સાહિત્ય અને સંસ્કૃતિનો વારસો મળ્યો છે,
તે પ્રતિ કૃતજ્ઞ રહો. કૃતજ્ઞતાથી જીવન ધન્ય બની જશે.

પ્રશ્ન : ધર્મ શેમાં છે?

ઉત્તર : આત્માને પોતાને વશ કરવામાં ધર્મ છે.
પોતાના મનને આત્માની ઇચ્છા - અધિકારમાં લાવી
અંતરાત્માને પ્રબુદ્ધ કરવામાં ધર્મ છે.
પ્રેમબીજ વાવવામાં અને કૃતજ્ઞતાબીજ લણવામાં જ ધર્મ છે.
અવનતિનો દોષ પોતાની ઉપર લેવામાં ધર્મ છે.
નમસ્કાર એ કૃતજ્ઞતાનું જ બીજું રૂપ હોવાથી
સ્વઉન્નતિનો યશ પોતાના શિવાયને આપવામાં ધર્મ છે.
યતિનું બધું અનુષ્ઠાન પરાર્થકરુણા - પરોપકારકરુણા છે.
સાધુ સચ્ચેષ્ટાનું પાલન કરે એટલે મૈત્ર્યાદિ સિદ્ધ થાય જ.
અનુષ્ઠાનનો આશય પરાર્થકરુણા છે અને
અનુષ્ઠાનનું ફળ મૈત્ર્યાદિની સિદ્ધિ છે.
સિદ્ધિ = અસંગ મૈત્ર્યાદિ. તે વિનિયોગનો હેતુ બને છે.
જીવરાશિના ઉત્થાનમાં મરજિયાત કે ફરજિયાત પરોપકાર
વૃત્તિ તો જરૂરી છે જ. ક્રિયાથી ભેદ, ભાવથી અભેદ અને
જ્ઞાનથી ભેદાભેદશૂન્ય પરસ્પર મળીને કાર્ય થાય છે.

# પરોપકારનું માહાત્મ્ય

પરોપકારનું કાર્ય તિર્યંચમાં ક્વચિત્, માનવમાં ભાગ્યે અને સિદ્ધોમાં સ્વભાવથી છે. તેથી જ સુખની માત્રા તિર્યંચ કરતાં મનુષ્યમાં, મનુષ્ય કરતાં સિદ્ધમાં ક્રમશઃ અધિક છે.
'તીર્થંકરો મારાં ઉપર પ્રસન્ન થાઓ' એ પ્રાર્થનાની જેમ 'તીર્થંકરો તમારા ઉપર અને અમારા ઉપર પ્રસન્ન થાઓ' એવી સ્તુતિઓ અને પ્રાર્થનાઓ પણ જોવા મળે છે.
'મારાં ઉપર અને અમારાં ઉપર' એ સાપેક્ષ શબ્દો છે, 'સર્વ ઉપર પ્રસન્ન થાઓ' એવો મુખ્ય ધ્વનિ છે.
બીજા માટે કલ્યાણકર વિચારવું, તે જ પરોપકાર છે.

બીજાના સુખ માટેનો સંકલ્પ એ શ્રેય છે,
પોતાના સુખ માટેનો સંકલ્પ એ પ્રેય છે.

પરાર્થવૃત્તિવાળાનો સંસાર પણ શ્રેય માટે થાય છે, જ્યારે સ્વાર્થવૃત્તિવાળાની ભક્તિ પણ પ્રેય માટે થાય છે.
સદાચારના ૧૪ પ્રકારમાં દાક્ષિણ્ય, પરોપકાર આદિ છે.
સદાચારથી અભેદભાવે રાગ, અકલ, નિર્લેપ બની શકાય.

૨૦ એપ્રિલ, ચૈત્ર વદ - ૫, રવિવાર

કુંડસ્થલ મંડન મહાવીર પરમાત્માના સાંનિધ્યમાં...

દેવ - ગુરુ - ધર્મની મહાકૃપાને કારણે

'ૐ અર્હં નમઃ' મંત્ર વડે

સમ્યગ્દર્શનની શુદ્ધિ થઈ છે.

જીવન પર્યંતની મારી સાધના પછી

'મારાં માટે'નો અર્થ

હું 'જીવમાત્રને માટે' સમજ્યો છું.

વળી જે ફક્ત પોતાના જ જીવનના રક્ષણ માટે
ચિંતા કરતો રહેશે, તે જીવનને ખોઈ બેસશે, કિન્તુ
જે પોતાના જીવનને ઈશ્વર ખાતર ન્યોછાવર કરશે,
તેનું રક્ષણ સ્વાભાવિક રીતે આપોઆપ થતું રહેશે.

વળી પ્રભુએ કહેવું છે કે : 'તમે ચિંતામુક્ત બનો, કેમકે
જેનું, જે સદ્વસ્તુનું તમે તમારા મનમાં ચિંતન કરશો,
તેને તમારા આત્મામાં પ્રગટાવવાનું
પૂર્ણ સામર્થ્ય તમારામાં જ છે.'

કૃતજ્ઞતાને જીવતી રાખો, પરોપકારને મૌન રાખો.

સંબંધોના જગતમાં પરોપકાર = જીવો સાથે સહાનુભૂતિ.
સ્વરૂપજગતમાં કૃતજ્ઞતા = જિનેશ્વર સાથે સાક્ષાત્કાર.
દુષ્કૃતગર્હા = ક્ષમાશીલતા, સુકૃતાનુમોદન = કૃતજ્ઞતા,
ચતુઃશરણગમન = નિર્ભયતા.

સદ્ધર્મ - ધર્મનો ધ્વનિ કે ધર્મનું નવનીત કંઈ હોય તો તે નમસ્કારભાવ, કૃતજ્ઞતા અને સ્નેહનો પરિપાક છે.

કૃતજ્ઞતા વડે જ માનવતા દીપે છે.

કૃતજ્ઞતા ગુણ એ પ્રથમ ગુણસ્થાનકની ટોચ છે.
પરોપકાર ગુણ એ છઠ્ઠા ગુણસ્થાનકની ટોચ છે.
સમદર્શિત્વ ગુણ એ સાતમા ગુણસ્થાનકની ટોચ છે.
પરમાત્મસમદર્શિત્વ એ ૧૨મા ગુણસ્થાનકની ટોચ છે.

ભગવાનની ભક્તિ અને પરમેષ્ઠીઓનો નમસ્કાર-
એ કૃતજ્ઞતા ગુણનું ગીત છે.

કૃતજ્ઞતા ગુણના આગવા મહત્ત્વવાળા દ્યોતક શબ્દો
Thank you - आपका आभार - આપનો આભાર.

વ્યવહારનય કૃતજ્ઞતાદિ ગુણો અને મૈત્ર્યાદિ ભાવોને-
નિશ્ચયનય દ્રવ્યોની સ્વતંત્રતા, એકતા, અખંડતા તથા
નિત્યતા આદિને બતાવીને નિર્ભયતા, નિશ્ચિંતતા અને
નિઃસ્પૃહતા આદિ સર્વ આત્મગુણોને પુષ્ટ બનાવે છે.

Imp માધ્યસ્થતા = અરક્તદ્વિષ્ટતા, અપક્ષપાતિતા.

સાચી માધ્યસ્થ પરિણતિ નિશ્ચયથી
સર્વ જીવોને આત્મતુલ્ય માનવામાં તથા વ્યવહારથી જીવો
જેવા છે, તેવા (ન હીન, ન અધિક) માનવામાં રહેલી છે.

જીવોમાં જેમ માધ્યસ્થ હોવું જરૂરી છે,
તેમ નયોમાં પણ માધ્યસ્થ હોવું જોઈએ.

નિશ્ચયનય જેમ એકતાને અને શુદ્ધતાને જુએ છે,
તેમ વ્યવહારનય ભિન્નતા અને અશુદ્ધતાને જુએ છે.

દાન વડે સ્વપરોપકાર થાય છે,
શીલ અને તપ વડે સ્વપર દુઃખનું નિવારણ થાય છે.
પ્રાણ અને ધન દ્વારા પણ પરોપકાર કરવો.
પરોપકારથી થનારું પુણ્ય સેંકડો યજ્ઞો વડે પણ ન થાય.

## કૃતજ્ઞતા અને ઉદારતા

નમો = કૃતજ્ઞતાનું પ્રતીક, અરિહંતાણં = ઉદારતાનું પ્રતીક.
'નમો'નું સ્મરણ પરના ગુણ ઉપકારનો સ્વીકાર કરે છે,
'અરિહંત'નું સ્મરણ પરને ગુણ કરવાની વૃત્તિ પેદા કરે છે.
અયોગ્યતાને ટાળવા તથા યોગ્યતાને વિકસાવવા કેમ,
કૃતજ્ઞતા, ઉદારતા અને પરોપકારગુણને વિકસાવવા.
નવકારના પ્રથમ પદના જાપથી તે ધ્યેય સિદ્ધ થાય છે.
કૃપાયાચનાથી ચિત્તમાંથી ખેદ, વિષાદ, ઉદ્વેગ ચાલ્યા જવાથી
ચિત્તપ્રસન્નતા દ્વારા ધર્મલાભ જાગે છે. ધર્મલાભિત
જીવ રાગ અને દ્વેષનો નાશ કરીને નિર્મળ બને છે.

## 'પ્રધાનં સર્વ ધર્માણાં...' કેમ?

ધર્મને કારણે સર્વ કલ્યાણના કારણભૂત અને સર્વ
મંગળોમાં મુખ્ય મંગળભૂત પરમાત્માનું મહાશાસન હોવાથી
જૈન ધર્મ એ સર્વ ધર્મોમાં પ્રધાન, શ્રેષ્ઠ, સર્વોત્તમ છે.

મંગળમયતા, કલ્યાણકારકતા, પ્રધાનરૂપતા -
એ 3 વિશેષણોથી વિશિષ્ટ એવું જૈનશાસન છે.

ચૈત્ર સુદ ૧૩, શનિવાર, વીર જન્મકલ્યાણક મહોત્સવ

કૃતજ્ઞતા - તીર્થ, સ્વતંત્રતા - તત્ત્વ.

સત્ય, પરોપકાર અને પ્રેમના વિચાર બળવાન છે.

આ વિશ્વ કલ્પવૃક્ષ - કામધેનુ - ચિંતામણિ છે, જેમકે મોક્ષ મેળવવાનો રસ્તો આ વિશ્વમાંથી જ પસાર થાય છે.

હૃદય શુદ્ધિ કરી જોશો ત્યાં પ્રકાશ પ્રકટશે.

માનવજીવનનું ધ્યેય ચિન્મય સાથેની એકતા છે.

જીવમાત્ર પ્રત્યેનો આદર એ
સમગ્ર નૈતિક આચારનું મૂળભૂત સ્વરૂપ છે.

જીવમાત્ર પ્રત્યે રોજ ફરી એકવાર સંવેદનશીલ બનો.

## પંચસૂત્ર અને પરોપકારનો સંબંધ

દુઃખ વખતે દુષ્કૃતગર્હા આર્તધ્યાનનું નિવારણ કરે છે,
સુખ વખતે સુકૃતાનુમોદના રૌદ્રધ્યાનનું નિવારણ કરે છે
તથા કૃતજ્ઞતા અને પરોપકારવૃત્તિ ઉત્પન્ન કરે છે.
આથી દુષ્કૃતગર્હા પરોપકારવૃત્તિમાં પરિણમે છે અને
આથી સુકૃતાનુમોદના કૃતજ્ઞતાના ગુણને વિકસાવે છે.

## પરોપકારથી ઋણમુક્તિ

ધર્મમાત્રનું ધ્યેય મૈત્રીભાવનો વિસ્તાર કરવાનો હોય છે, કિન્તુ તે માત્ર ભાવના-સ્વરૂપ જ ન રહે, તે માટે શક્ય તેટલા પરોપકારની પ્રવૃત્તિ દ્વારા તેને સક્રિય બનાવવો. તેનો જ અહંકાર ન થાય, માટે છેલ્લા પદમાં ઋણમુક્તિના અધ્યવસાય દ્વારા પ્રશમભાવને જ પુષ્ટ કરવો જોઈએ. પ્રશમભાવની પુષ્ટિ માટે જ મૈત્રીભાવને વિકસાવવાનો છે.

તે બંનેનું સાધન ઋણમુક્તિનો અધ્યવસાય છે. આપણને બે પ્રકારે ઋણ છે: બીજાને અપકાર કર્યો છે તથા બીજાનો ઉપકાર લીધો છે તે. તે બંનેને ફેડવા માટે થતો પરોપકાર જ આપણા પ્રશમભાવની પુષ્ટિ કરે છે.

સમ્યગ્દર્શનનું ફળ = મૈત્રીભાવનો વિસ્તાર.


સમ્યગ્જ્ઞાનનું ફળ = પરોપકારનું નિર્વહણ.

સમ્યક્ચારિત્રનું ફળ = ઉપશમભાવની પુષ્ટિ.

મૈત્રીભાવના વિસ્તાર તથા પરોપકારના નિર્વહણ દ્વારા ઉપશમભાવની ઉપાસના થાય છે.

મૈત્રીભાવનો વિસ્તાર એ positive અને પરોપકારનું નિર્વાહ એ negative છે. બંને ભાવ પરસ્પરપૂરક છે. મૈત્રીભાવ વિસ્તાર, પરોપકાર નિર્વાહ, ઉપશમવૃત્તિની ઉપાસના - ત્રણેનું fourth dimension ધર્મ છે. દેવ - ગુરુ - ધર્મનું fourth dimension તત્વ છે.

## ઉપશમભાવની ઉપાસના




'નમામિ' અને 'ખમામિ' એટલે મૈત્રી અને પરોપકાર.

'નમામિ' પદમાં ઉપકારી તત્વો પ્રત્યે
કૃતજ્ઞતા અથવા gratitude છે.
'ખમામિ' પદમાં અપકારી આત્માની પ્રત્યે
ક્ષમાપના અથવા forgiveness છે.

'નમામિ' અને 'ખમામિ' જે માનવના જીવનમાં નહિ,
તેના જીવનમાં શુભ ધ્યાનનો અભાવ છે.
જેને કૃતજ્ઞતાના સ્થાને કૃતઘ્નતા અને પરોપકારના
સ્થાને પરાપકારનું સેવન થાય છે, તે જીવને માત્ર
આર્તધ્યાનનાં જ નહિ, કિન્તુ રૌદ્રધ્યાનના ય ઉત્પાદક છે.
ધર્મનું અત્યંત સ્પષ્ટ તત્ત્વ મૈત્રીભાવનો સ્વીકાર,
પરોપકારનું નિર્વાહ અને સમતાની ઉપાસના છે.

o

Gratitude and Forgiveness
are the two essentials for
the total purification and
sublimation of the entire system.
The secret of all super personal
help is surrender,
surrender of the personal power
to the central power within oneself.

## <u>કર્તવ્યપરાયણતા અને કૃતજ્ઞતા</u>

વાત્સલ્યતારહિત વીતરાગતામાં કૃતજ્ઞતા અને
કર્તવ્યપરાયણતા ન જણાતાં હોવાના કારણે
આભાસ (પ્રવૃત્તિનો ઇનકાર - અકામ નિર્જરા),
ભય અને સ્વભાવથી કૃતજ્ઞતા કે કર્તવ્યપરાયણતાનો
પાઠ ભજવવામાં જ ભવ્યાત્માઓની ભવ્યતા છે.

<u>કર્તવ્યપરાયણતા અને કૃતજ્ઞતા શીખવા તથા
શીખવવા માટેનું કલામંદિર આ સંસાર છે.</u>

જીવનું નિગોદથી ઉત્થાન થવામાં જ કૃતજ્ઞતા ગુણ - તેની
આવશ્યકતાનો પ્રારંભ થાય છે, કેમકે એક સિદ્ધના
અનુગ્રહથી નિગોદના જીવનું ઉત્થાન થાય છે. એ માટે
કૃતજ્ઞતા ગુણના ફલસ્વરૂપ વાત્સલ્યતાથી પ્રાણીમાત્રને
કર્તવ્યપરાયણ થવાનો બોધપાઠ મળે છે, તેથી જીવમાત્રને
કર્તવ્યપરાયણ થવું નિતાંત આવશ્યક અને અપરિહાર્ય છે.

<u>કર્તવ્યપરાયણતાનું જનક કૃતજ્ઞતા અને
કૃતજ્ઞતાનું પ્રેરક વાત્સલ્યતા છે.</u>

આપણે ૧૦૮ પારાની માળા ફેરવી...પછી જે મેરુ આવે,
તેને આંખે લગાડવાની ક્રિયા છે, તે કૃતજ્ઞતાભાવ છે કે:
'આ પંચ પરમેષ્ઠિના ૧૦૮ ગુણો પ્રત્યે હું હૃદયથી
આદરભાવ પ્રગટ કરું છું. તેઓ થકી જ મેં પુણ્ય-
રાશિ એકઠી કરી છે, તેથી તેમનો ઉપકાર માથે ચડાવું છું.'

કૃતજ્ઞતામાં શેનો - શેનો સમાવેશ છે?

કૃતજ્ઞતામાં ઉદારતા અને પરોપકારિતા છુપાયેલાં છે.
મૈત્ર્યાદિ ચાર ભાવનામાં તથા
પાંચ મહાવ્રતમાં પણ કૃતજ્ઞતા સમાયેલી જ છે!

આપણે કોઈને સહાય કરીએ, પછી
'હું તો નિમિત્તમાત્ર છું, તેણે મને સેવાનો મોકો આપ્યો'
એ પદની સાધના કરવાની છે. એ સાધના બહુ મોટી છે.

કોઈ આભાર પ્રદર્શિત કરે, ત્યારે
અતિ આદરભાવથી તેનો સ્વીકાર કરવો કે:
'વાહ! ભગવાને મને આ માટે નિમિત્ત બનાવ્યો!
આ માટે મને માધ્યમ બનવા મળ્યું!'

# પરોપકાર શા માટે ?

યાચકો ભિક્ષા માંગતા નથી, પરન્તુ દરેક ઘરે - ઘરે
ભિક્ષા દ્વારા બોધ પમાડે છે કે : 'હંમેશા દાન કરો.
નહિં આપનારનું કુળ ભીખ માંગવાવાળું છે.'
ધર્મ એ પરોપકાર અને પરપીડાના પરિહારરૂપ હોવાથી
તત્વથી તો ધર્મનું શરણ સ્વીકારનારે
પરોપકારનું જ શરણ સ્વીકાર્યું ગણાય છે.
પરોપકાર જ આ જગતમાં તરણોપાય, શરણાગમનયોગ્ય
થઈ, સૌના જીવનમાં પ્રતિષ્ઠા આદરવા લાયક છે.

તમો જેના પ્રત્યે હૃદયથી કૃતજ્ઞ બનો છો,
તે વસ્તુ પ્રકૃતિ તમને વધારે આપશે.

That's known as law of attraction.

એ વધારે એટલા માટે આપે છે કે તમે એના માટે
સુપાત્ર છો. કૃતજ્ઞ વ્યક્તિ નમ્ર હશે, સંતોષી હશે, તેને
ક્યારેય કોઈ ફરિયાદ અને કોઈ જ અપેક્ષા નહીં હોય.
કૃતજ્ઞ વ્યક્તિ ખુલ્લા, ઉદાર, નરમ અને આધ્યાત્મિક હશે.

<u>પરોપકારપૂર્વક ઋણમુક્તિ એ જ કર્મમુક્તિ.</u>

'આજે હું જગતને કરેલા ઉપકારોનું સ્મરણ કરી તેનો ઋણસ્વીકાર કરું છું, જગતની ઉપર કરેલાં અપકારોને કબુલ કરી ક્ષમા માંગી ફરી નહિ કરવાની ભાવના રાખું છું. મારાં ઉપર થએલાં ઉપકારોનું અને મેં જગત ઉપર કરેલાં અપકારોનું ઋણ જ મારાં માટે કર્મ છે, તેના ભારને ઉતારવા માટે હવે ઉપકાર કરવા પડે

હું મારાથી થયેલાં અપકારોનો બદલો વાળવા ઈચ્છું છું. મારા ઉપર થએલાં ઉપકારોનું ઋણ ઉતારવા માટે પણ જગત ઉપર થાય, તેટલાં ઉપકાર કરીને ઉતારવા માંગુ છું. પૂર્ણતાની પ્રાપ્તિથી જ હું ઋણમુક્ત થઈ શકું એમ છું. ઉપકારો અને અપકારો તો ખાબોચિયામાં છે, તેનો બદલો સાગર સમાન બનીને એક ક્ષણમાં વાળી શકાય તેમ છે, તેથી હું સાગર સમાન પૂર્ણ બનવા ઈચ્છું છું. તે માટે આજથી જ હું પૂર્ણનું શરણ લઉં છું, કારણકે શરણથી જ સઘળું ઋણ ઉતરે છે.'

## મુક્તિનો સાચો ઉપાય - પરોપકાર

परोपकारः पुण्याय पापाय परपीडनम् । અર્થાત્: પરને ઉપકાર પુણ્ય માટે થાય છે, પરને પીડા પાપ માટે થાય છે. પુણ્યથી સુખ અને પાપથી દુઃખ મળે છે, તેથી સુખાર્થીએ પરોપકાર કરવો અને પરપીડાને પરિહરવા જોઈએ. પરપીડાપરિહાર જો પાપમુક્ત થવાનો ઉપાય છે, તો પુણ્યનો ઉપાય તેથી વિરુદ્ધ 'પરને ઉપકાર કરવો' તે જ હોઈ શકે.

'ઉપકાર પણ ન કરવો તથા પીડા પણ ન કરવી'

એવી ત્રીજી અવસ્થા સંભવી શકતી નથી,

કાં તો પરને પીડા - કાં તો પરનો ઉપકાર, બે જ રહે.

આમ સુખનું મૂળ સદા ધર્મ પરોપકારસ્વરૂપ જાણવો અને દુઃખનું મૂળ સદા અધર્મ તે પરપીડાસ્વરૂપ થશે.

ધર્મ = સુકૃત. સુકૃત એ પરોપકારનું બીજું નામ છે.

પરપીડાની ગર્હા અને પરોપકારનું અનુમોદન કરવાપૂર્વક પંચ પરમેષ્ઠિનું શરણું લેવું. તેમના સ્મરણમાં અને ધ્યાનમાં તન્મય થવું, તે જ મુક્તિનો ઉપાય છે.

પ્રભુની આજ્ઞા ફક્ત બે પદમાં સમાઈ જાય:
એક આસ્રવને છોડવા અને બીજું સંવરને આદરવા.

'આસ્રવ ત્યાજ્ય છે, સંવર ઉપાદેય છે.'

આવી પ્રભુની આજ્ઞા

નિશ્ચલ છે, સુપ્રતિષ્ઠિત છે અને જગલોકને હિતકારીણી છે.
પરપીડા એ આસ્રવ છે, પરોપકાર એ સંવર છે. માટે
જ પ્રભુની આજ્ઞા સર્વ જગલોકને સુખ કરનારી છે.
પરોપકાર એ પરપીડાથી થતાં આસ્રવને રોકનાર છે,
તેથી સંવરરૂપ છે. પરપીડા પરોપકારથી વિપરીત છે, માટે
પરપીડા એ સર્વ સાધકો માટે આસ્રવ છે.

સર્વ પ્રયત્નથી આસ્રવ છોડવા યોગ્ય છે અને
સર્વ પ્રયત્નથી સંવર આદરવા યોગ્ય છે.

પરાપકારરહિત અને પરોપકારસહિત પુરુષોને
પરાપકારરહિત અને પરોપકારસહિત થવાની બુદ્ધિથી
જે નમસ્કાર કરવામાં આવે છે, તે ભાવનમસ્કાર છે.
તે ભાવનમસ્કાર પણ પાપપ્રણાશક અને મંગલવર્ધક છે.

મોક્ષ એ પરોપકારસ્વરૂપ છે, માટે પવિત્ર છે તથા
પવિત્ર એવા ધર્મ આરાધનના જ પરિણામરૂપ છે.

સંસારમાં મત્સ્યગળાગળ ન્યાય ચાલી રહ્યો છે, તેમાંથી છૂટવાની બુદ્ધિ અને મોક્ષ એ જીવોને સુખના આલંબનરૂપ છે, તેથી તેને મેળવવાની બુદ્ધિ જ સાચી સમજણ છે,
આનાથી વિપરીત સમજણ સંસારમાં લટકાવનારી છે.

'પરોપકારના કારણે મોક્ષ ઉપાદેય છે અને
પરપીડાના કારણે સંસાર એ હેય છે'

આવી બુદ્ધિ થવી તે સમ્યગ્જ્ઞાન, આવી શ્રદ્ધા થવી તે સમ્યગ્દર્શન તથા એવું વર્તન થવું તે સમ્યક્ચારિત્ર છે.

પ્રભુના સ્મરણથી બળ, નિર્ભયતા અને નિશ્ચિંતતા પ્રાપ્ત થતી હોય, તો કૃતજ્ઞતાપૂર્વક પ્રભુશરણે જવું અને સદાને માટે ત્યાં વિશ્રાંતિ લેવા પ્રયત્ન કરવો જોઈએ.

આંખ જે શક્તિથી જુએ છે,
તે શક્તિ જો આંખની નહિ પણ ભગવાનની હોય, તો આંખોએ કૃતજ્ઞતાપૂર્વક ભગવાનને જોતાં શીખવું જોઈએ.

સમ્યગ્દર્શન એટલે જીવરાશિ ઉપર સ્નેહપરિણામ.

જીવ માત્ર સ્નેહને ઝંખે છે, તેનો જો આપણે પૂરો ન પાડીએ તો આપણું જીવવું ધૂળ છે. તેથી જ અરિહંતો પણ પરોપકાર ગુણના ભંડાર છે.

પરોપકાર કોઈ બીજા જીવોને માટે નહિ, કિન્તુ પોતાના અંતઃકરણની શુદ્ધિ માટે જ કરવાનો હોય છે.

માંગવું તે ભવભ્રમણ અને આપવું તે ભવનિસ્તરણ.

આપણું ઘર દેખીને જેમ આપણી યાદ આવે છે, તેમ ભગવાનનું મંદિર દેખીને અંતઃસ્થિત ભગવાનની યાદ પણ આવી જાય છે, માટે મંદિર ઉપકારક છે. તમને જોઈને પણ ઉપકાર યાદ આવવો જોઈએ.

'સર્વનું દુઃખ એ પોતાનું જ દુઃખ છે'

એ મહામંત્ર સિદ્ધ કર્યા સિવાય

બીજી કોઈ રીતે સુખના આગ્રહનો અંત થતો નથી.

સર્વ હિતકારી પ્રવૃત્તિ અસીમ સદ્ભાવનાઓને પ્રેરે છે, જે સર્વ હિતકારી પ્રવૃત્તિઓને વેગવાન બનાવે છે.

## ઈશ્વર જીવને કહે છે:

'ધરતી ખેડવાનું કામ તારું, વરસાદ વરસાવવાનું કામ મારું.
ધરતીમાં બીજ વાવવાનું કામ તારું,
તે બીજમાં અંકુરને પ્રકટાવવાનું કામ મારું.
તું ખેતર સાચવજે, હું અન્ન પકવીશ.
તું ભોજન કરજે, હું અન્ન પચાવીશ.
જાગ્યાં પછી રાત્રે સુવાનું કામ તારું,
તારી ગાફેલ દશામાં બચાવવાનું કામ મારું.'
આ જીવ ઉપર ઈશ્વરના કેટકેટલાં ઉપકાર છે?
અને છતાં જીવ કેટલો બધો કૃતઘ્ન છે! જેના સહારે
એ જન્મે છે, જીવે છે, એના ઉપકારને એ યાદ કરે છે?
દુનિયામાં એક મુસાફરની જેમ રહો.
જે માંગ અને કરુણા રાખતો નથી, તેને તે મળતાં નથી.
જીવ એ ઈશ્વરનો જ છૂટો પડેલો અંશ છે,
તેના પ્રત્યે ઈશ્વરને અપાર કરુણા છે, તેથી
તે જીવને હર પળે ગુપ્તપણે મદદ કર્યા જ કરે છે.

તત્ત્વદૃષ્ટિ મોક્ષમાર્ગ પ્રેરક...

અન્ય જીવો પ્રત્યે કૃતજ્ઞભાવે - પરોપકારભાવે વર્તવું.

જેમાં ગળપણ નહિ, તે એમ ગોળ નહિ,
તેમ જેમાં મૈત્ર્યાદિ તથા પરોપકાર નહિ, તે ધર્મ નહિ.

ગહન - ભાવના વિચારણાનું મૂળ મૈત્ર્યાદિનું સંવેદન જ છે.

'પરસ્પરોપગ્રહોજીવાનાં |' સૂત્ર સર્વ જીવોને કૃતજ્ઞભાવે
પરોપકારના વિષય બનાવાય, ત્યારે જ સાર્થક થાય.

સાચી કૃતજ્ઞતા અને વિનમ્રતા છે.

પોતાનો દોષ જોશો = દોષથી મુક્ત થશો.

બીજાનો ગુણ યા ઉપકારને જોશો = ગુણયુક્ત થઈ જશો.

ઉપકારીના ઉપકારને ન જોવો, એજ મોટો દોષ છે.

એ દોષ ઉપકારને જોવાથી જ ટળી શકે છે.

o

They are handicaps, who do not
know how to wisely use their
hands in human service.

આત્મજ્ઞાન રૂપી હીરાનો પરોપકાર એ પ્રકાશ છે.

હીરો અને તેનો પ્રકાશ બેઉ એક છે, તેમ
આત્મજ્ઞાન અને મૈત્રીભાવ એક જ છે. આત્મજ્ઞાન
થવાથી સાચો મૈત્રીભાવ પ્રકાશે. प्राणादिका प्रीतिर्मैत्री।
સર્વ જીવોને આત્માની જેમ જોવા, તે મૈત્રી છે.

આપણને નિગોદમાંથી સૌ પ્રથમ બહાર કાઢનાર
સિદ્ધ ભગવંતનો ઉપકાર તો મોક્ષે જવાથી જ વળી શકે.
આપણા મોક્ષે જવાથી એક જીવ નિગોદમાંથી નીકળે,
ત્યારે જ ઉપકારનો સંપૂર્ણ બદલો વળે.
તે પહેલાં શક્તિ મુજબ પરોપકારપ્રવૃત્ત રહેવાથી વળે.

આપણું દાન વગેરે સ્વીકારીને સામો મનુષ્ય આપણને
ધર્મનો લાભ આપે છે, પુણ્યની પ્રાપ્તિ કરાવે છે તથા
કૃતજ્ઞતા ગુણ વિકસાવવામાં સહાયક થાય છે.

નદીઓ પોતે પાણી પીતી નથી,
વૃક્ષો પોતે ફળો કે વાદળાઓ પોતે અનાજ ખાતાં નથી.
સજ્જનોનું અસ્તિત્વ પરોપકાર માટે જ હોય છે.

## 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથોના પ્રતિભાવમાં ક્રમશઃ આવેલ થોડાં પત્રોની અંશોક્તિઃ

**પ.પૂ. આચાર્યશ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ખરેખર અદ્ભૂત અક્ષય સુવર્ણપાત્ર છે. હાથમાં થઈ આંખોમાંથી અંતરને સ્પર્શે, ત્યારે શાસ્ત્રો અને અનુભવના મહાસાગરમાં ડૂબ્યાં પછી બહાર નીકળવું ગમતું નથી. એ શબ્દોના નાદ-અર્થનો ધ્વનિ સતત હૃદયમાં ગુંજ્યા કરે છે, અનુભવ સુધી પહોંચાય એવો અનુગ્રહ પણ થશે. અમારા જેવા પામર સાધુઓ, જેને પૂજ્યશ્રીનું સાયુજ્ય સાધવાનું સૌભાગ્ય નથી સાંપડ્યું, એનો વસવસો આ ગ્રંથગુરૂઓથી દૂર થઈ ગયો. તેના એક એક અક્ષરમાં વરસતું હિતામૃત, એક એક પાનું અક્ષય છે, છે ને છે જ. અધ્યાત્મ, ભક્તિ અને યોગની ત્રિવેણીનું શબ્દતીર્થ આધુનિક યુગના યુવાસાધુવર્ગ માટે પાઠ્યક્રમ-અભ્યાસકાળ અને આનંદકળા પુરવાર થશે. તેઓ પ્રત્યે અહોભાવ વધતો જ જાય છે. તેમનું સાહિત્ય આવી રીતે જ અધ્યાત્મસાધકો માટે શંબલ બની રહે, એ જ અભ્યર્થના. – દ. લિ. શુભેચ્છાથી નિરાગચન્દ્ર સાગર – [signature]

**પ.પૂ. આચાર્યશ્રી કુમુદચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજ સાહેબના 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નો ભાગ મોક્લાવેલ, તે આજરોજે મળ્યો. ખોલ્યો – જોયો. ખૂબ સરસ છે. મહામૂલો સમય વાવીને શાસનના આવા સુંદર કાર્યો જ્ઞાનભક્તિપૂર્વક થઈ રહ્યાં છે, તે અનુમોદનીય છે. વિશેષપણે સંઘના – શાસનનાં આવા કાર્યો થતાં જ રહો, એ જ અભ્યર્થના. – આ. કુમુદચન્દ્ર સૂ.

**પ.પૂ. આચાર્યશ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી (ૐકારસૂરિજી સમુદાય) મહારાજ સાહેબઃ** પૂ.પંન્યાસજી મહારાજ વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવતાં હતાં. એમનું ચિંતન તથા એમનું ચયન અસાધારણ હતું. આ ડાયરીઓ સચવાઈ, એ આપણું પરમ-સૌભાગ્ય છે.

– દ. આ. મુનિચન્દ્રસૂરિ ધર્મલાભ.

**પ.પૂ. આચાર્યશ્રી ભાગ્યેશસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** પાલીતાણાથી વિહાર કરતાં મારા શિષ્યો સાથે હું ખાસ રાજકોટ નગરનો આભાર માનવા તથા કાર્ય જોવા ગયેલો કે જ્યાં

'હસ્તાક્ષરનું અક્ષયપાત્રો'નું સર્જન થાય છે! પંન્યાસજી મહારાજના ગ્રંથોની આ અદ્ભૂત પ્રસાદી પ્રાપ્ત કરતાં ધન્યતા અનુભવાય છે. આ અમૂલ્ય નોંધો રસાળતા અને આધ્યાત્મિકતાથી ભરપૂર છે.

-

**પ.પૂ. આચાર્યશ્રી ઉદયપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** મહાપુરૂષો ખરેખર જ નશ્વર દેહે નહીં પણ અક્ષરદેહે સદાકાળ જીવંત રહે છે. પ્રસ્તુત ગ્રંથો આવા સત્પુરૂષોના અનુગ્રહની નિધિ સમાન છે.

- ઉદયપ્રભસૂરિ

**પ.પૂ. આચાર્યશ્રી જિનેશચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** આવુ અલભ્ય શાસ્ત્ર થયું, તેમાં પૂજ્ય પંન્યાસજી ભગવંતના આશીષ જ કામ લાગ્યા કહી શકાય. ગ્રંથો અમારે અનુપ્રેક્ષામાં બહુ કામ લાગે તેવા છે. ઘણી વખત અમુક પંક્તિ વાંચ્યાં પછી એવા ભાવ આવે છે કે આપણને ઘણું પ્રાપ્ત થયુ છે, પરંતુ બાહ્યમાં જઈ અમૂલ્ય વર્ષો વેડફ્યા છે.

- જિનેશચંદ્ર સૂરિ

**પ.પૂ. આચાર્યશ્રી અનંતયશસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** તીર્થંકરતુલ્ય પૂજ્યપાદ અધ્યાત્મયોગી પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબના તાત્ત્વિક ચિંતનરૂપ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ખૂબ જ સુંદર કાર્ય છે. આ ગ્રંથો તત્ત્વપ્રેમી-ધર્મપ્રેમી જીવો ઉપર મહાન ઉપકારક છે. અમૃતના કુંભ સમાન આ શ્રુત અમૂલ્ય ભેટણું છે. અદ્ભૂત પૂજ્યશ્રીનું ચિંતન... ડ્રીમ પ્રકાશન! આનંદ સહ ભૂરી ભૂરી અનુમોદના! તત્ત્વજિજ્ઞાસુઓને ખૂબ અણમોલ ખજાનો મલવાતુલ્ય છે.

- અનંતયશસૂરિ

**પ.પૂ. આચાર્યશ્રી શ્રમણચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** પૂજ્ય પંન્યાસજી મહારાજની હસ્તલિખિત ડાયરીઓ થકી 'ભારતી'નું નાનું સ્વરૂપ જ જાણે પમાઈ રહ્યું છે. પૂજ્યશ્રીના ચિંતનો - પ્રસંગો વિગેરે વધુ ને વધુ બહાર લાવવા પ્રયત્નો કરશો. આ સુકૃત અનેક આત્માના ઉત્થાનનું મૂળ બીજ બનવાનું છે, એવી શ્રદ્ધા સાથે...

- દ. મુનિ

## ચરમ તીર્થંકર પ્રભુ મહાવીરનું સમોવસરણ



## પંચમહાભૂત અને માધ્યસ્થ ભાવના

માધ્યસ્થનું સાચું લક્ષણ રાગદ્વેષરહિતતા અથવા પક્ષપાતરહિતતા છે.
માધ્યસ્થ ટકાવવા માટે ગુણી ઉપર પ્રમોદ થવો જ જોઈએ.




અવિકસિત અવસ્થામાં ઉપેક્ષાના વિષય ધર્મ, ધર્મના સાધનો અને ધર્મી આત્માઓ હોય છે, જ્યારે વિકસિત અવસ્થામાં ઉપેક્ષાના વિષય પાપ, પાપનાં સાધનો અને પાપી આત્માઓ હોય છે.

www.fiestadesigns.in